Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૮૫

## ન ક્કર ભૂ મિ કા

'નિર્ણય' તે ધર્મની નક્કર ભૂમિકા છે; પણ આ નિર્ણય કેવો?–એકલા શ્રવણથી થયેલો નહિ પણ અંતરમાં આત્માને સ્પર્શીને થયેલો અપૂર્વ નિર્ણય; તે નિર્ણય એવો કે કદાચ દેહનું નામ તો ભૂલી જાય પણ નિજસ્વરૂપને ન ભૂલે; દેહનો પ્રેમી મટીને 'આત્મપ્રેમી' થયો, તે કદાચ દેહનું નામ તો ભૂલશે પણ આત્માને નહીં ભૂલે. પોતાના જ્ઞાનની નિર્મળતામાં પોતાનો ફોટો એવો પડી ગયો કે જે કદી ન ભૂંસાય. જેણે આવો નિર્ણય કર્યો તે જરૂર શુદ્ધાત્માનો અનુભવ કરીને મોક્ષ પામશે.

મંદરાગ તે કાંઈ આ નિર્ણયનું સાધન નથી, પણ જ્ઞાન અને વીર્યનો અંતર્મુખી ઉત્સાહ જ આનું સાધન છે. જ્ઞાન અને રુચિના અંતર્મુખ થવાના ઉત્સાહના બળે મિથ્યાત્વાદિ ક્ષણેક્ષણે તૂટતા જાય છે.

( પ્રવચન ઉપરથી )

卐 卐 卐

તંત્રીઃ **જગજીવન બાવચંદ દોશી** * સંપાદકઃ **બ્ર. હરિલાલ જૈન**

વીર સં. ૨૪૯૩, અષાઢ ( લવાજમઃ **ત્રણ રૂપિયા** ) વર્ષ ૨૪ઃ અંક ૯


શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# બે....ચિત્રો

નીચે આપેલ ચિત્રમાં ભગવાન છે, તે કયા ભગવાન છે? અને હાથ જોડીને એક મુનિ ઊભા છે તે કોણ છે? ઘોડેસવાર રાજકુમારોને શું કહે છે? ને આ રાજકુમારો કોણ છે? તે ઓળખી કાઢો.



નીચેના ચિત્રમાં એક સરસ મજાના તીર્થધામનું દૃશ્ય છે; ત્યાં એક તીર્થંકર ભગવાનનું જન્મધામ છે. એક ઉત્તમ દિવસે હાલમાં ગુરુદેવ સાથે આપણે તે તીર્થની યાત્રા પણ કરી આવ્યા...ને તે દિવસે સાંજે વરસાદ પણ આવ્યો હતો.–યાદ કરો એ તીર્થધામને!



વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મ ધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૩
અષાઢ

* વર્ષ ૨૪ : અંક ૯ *

# ચૈતન્યને સાધવાનો ઉત્સાહ

* * *

જેને ચૈતન્યને સાધવાનો ઉત્સાહ છે તેને ચૈતન્યના સાધક ધર્માત્માને દેખતાં પણ ઉત્સાહ અને ઉમળકો આવે છે: અહા! આ ધર્માત્મા ચૈતન્યને કેવા સાધી રહ્યા છે! એમ તેને પ્રમોદ આવે છે, અને હું પણ આ રીતે ચૈતન્યને સાધું–એમ તેને આરાધનાનો ઉત્સાહ જાગે છે. ચૈતન્યને સાધવામાં હેતુભૂત એવા સંત ગુરુઓને પણ તે આત્માર્થી જીવ સર્વ પ્રકારની સેવાથી રીઝવે છે ને સંત–ગુરુઓ તેના ઉપર પ્રસન્ન થઈને તેને આત્મ–પ્રાપ્તિ કરાવે છે. સંત ધર્માત્મા જે રીતે ચૈતન્યને સાધવાનું કહે છે તે રીતે સમજીને પોતે સર્વ ઉદ્યમથી ચૈતન્યને જરૂર સાધે છે.

“અહા, મને મારા આત્માની પ્રાપ્તિ કરાવનાર સંત મળ્યા; હવે મારા સંસારદુઃખ ટળશે ને મને મોક્ષસુખ મળશે”–આવા ઉલ્લાસ અને વિશ્વાસપૂર્વક ઉદ્યમ કરીને મોક્ષાર્થી જીવ આત્માને જરૂર સાધે છે.

( ૧૦૦ રત્નોના સંગ્રહમાંથી )

# વાત્સલ્ય ભાવના

આત્માર્થિતાની પુષ્ટિ, વાત્સલ્યનો વિસ્તાર, દેવ–ગુરુ–ધર્મની સેવા અને બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સીંચન,–આ આપણા આત્મધર્મના ઉદ્દેશો છે, અને તેને અનુલક્ષીને અવારનવાર લેખો આત્મધર્મમાં પ્રસિદ્ધ થતા રહે છે. તે–અનુસાર વાત્સલ્યને લગતા કેટલાક લેખો પણ પ્રગટ થઈ ચૂકયા છે. ધર્મના પ્રેમીને ધર્મપ્રસંગમાં વાત્સલ્ય જરૂર આવે છે. એ હર્ષનો વિષય છે કે સન્તજનોના પ્રતાપે જ્ઞાનભાવનાની સાથે સાથે વાત્સલ્યભાવના પણ આજે વિસ્તરી રહી છે. ધર્મીના વાત્સલ્યભરેલા બે શબ્દો પણ સંસારના સર્વ દુઃખોને ભૂલાવી દેવા માટે અમોઘ ઔષધ છે, ને ધર્મસાધનામાં તે ઉત્સાહ પ્રેરે છે. આવા વાત્સલ્યધર્મનું વર્ણન ગુરુદેવની પ્રેરણાથી અહીં આપવામાં આવ્યું છે. શ્રી સમંતભદ્રસ્વામીરચિત રત્નકરંડ–શ્રાવકાચારની ટીકામાં પં. સદાસુખદાસજીએ ૧૬ ભાવનાઓનું જે વિસ્તૃત વર્ણન કર્યું છે તેમાંથી વાત્સલ્યભાવનાનું ભાષાંતર અહીં આપવામાં આવ્યું છે...જે જિજ્ઞાસુહૃદયોમાં વાત્સલ્યને પુષ્ટ કરશે.–( સં. )

* * *

'प्रवचन' એટલે દેવ–ગુરુ–ધર્મ, તેમનામાં 'वात्सल्य' એટલે કે પ્રીતિભાવ, તેને પ્રવચનવત્સલત્વ કહે છે.

ચારિત્રગુણયુક્ત, શીલના ધારક, પરમ સામ્યભાવ સહિત બાવીસ પરિષહને સહન કરનાર, દેહમાં નિર્મમ, સમસ્ત વિષયોની વાંછાથી રહિત, આત્મહિતમાં ઉદ્યમી તેમ જ પરનો ઉપકાર કરવામાં સાવધાન–એવા સાધુજનોના ગુણોમાં પ્રીતિરૂપ પરિણામ તે વાત્સલ્ય છે.

તથા વ્રતોના ધારક ને પાપથી ભયભીત, ન્યાયમાર્ગી, ધર્મમાં અનુરાગી, મંદકષાયી ને સંતોષી એવા શ્રાવક તેમ જ શ્રાવિકાઓના ગુણોમાં અને તેમની સંગતિમાં અનુરાગ ધારણ કરવો તે વાત્સલ્ય છે.

વળી સ્ત્રીપર્યાયમાં વ્રતોની હદને પામેલા, અને ગૃહાદિક સમસ્ત પરિગ્રહ છોડી, કુટુંબનું મમત્વ તજી, દેહમાં નિર્મમત્વ ધારણ કરી, પાંચ ઇન્દ્રિયોના વિષયો ત્યાગી, માત્ર એક વસ્ત્રનો જ પરિગ્રહ રાખનારા, ભૂમિશયન–ક્ષુધા–તૃષા–શીત–ઉષ્ણ વગેરે પરિષહોને સહનારા, ધ્યાન–સ્વાધ્યાય–સામાયિકાદિ આવશ્યકોથી યુક્ત, અર્જિકાની દીક્ષા ગ્રહણ કરીને સંયમ સહિત વર્તે છે,–તેમના ગુણોમાં અનુરાગ તે વાત્સલ્ય છે.

તથા, જેઓ મુનિશ્વરોની જેમ વનમાં નિવાસ કરે છે, બાવીસ પરિષહ સહે છે, ઉત્તમ ક્ષમાદિ દશધર્મના ધારક છે, દેહમાં નિર્મમ છે, પોતાના નિમિત્તે કરેલા ઔષધ અન્નપાણી વગેરે ગ્રહણ કરતા નથી, એક વસ્ત્ર–કોપીન સિવાયના સમસ્ત પરિગ્રહના ત્યાગી છે, એવા ઉત્તમ શ્રાવકોના ગુણોમાં અનુરાગ તે વાત્સલ્ય છે.

અને, દેવ–ગુરુ–ધર્મના સત્યાર્થ સ્વરૂપને જાણી જેઓ દ્રઢ શ્રદ્ધાની અને ધર્મમાં રુચિના ધારક છે–એવા અવ્રતસમ્યગ્દ્રષ્ટિ પ્રત્યે પણ વાત્સલ્ય કરો.

આ સંસારમાં જીવ પોતાના સ્ત્રી–પુત્ર–કુટુંબ વગેરેમાં, તથા દેહમાં, ઇન્દ્રિય–વિષયોના સાધનોમાં અનાદિથી અતિ અનુરાગી થઈને તેને અર્થે કપાય છે–મરે છે, અન્યને મારે છે,–એવું મોહનું કોઈ અદ્ભુત માહાત્મ્ય છે! તે પુરુષ ધન્ય છે કે જે સમ્યગ્જ્ઞાન વડે મોહને નષ્ટ કરીને આત્માના ગુણોમાં વાત્સલ્ય કરે છે. સંસારી પ્રાણી તો ધનની લાલસાવડે અતિ આકુળ થઈને ધર્મના વાત્સલ્યને છોડી દે છે; અને સંસારીને ધન વધતા અતિ તૃષ્ણા વધે છે; સમસ્ત ધર્મના માર્ગને તે ભૂલી જાય છે, અને ધર્માત્માઓ પ્રત્યેનું વાત્સલ્ય દૂરથી જ છોડી દે છે. રાત–દિન ધનસંપદા વધારવા માટે તેને એવો અનુરાગ વધે છે કે, લાખોનું ધન થઈ જાય તો કરોડોની વાંછા કરીને આરંભ–પરિગ્રહને વધારતો પાપમાં પ્રવીણતા વધારે છે ને ધર્મના વાત્સલ્યને નિયમથી છોડી દે છે. જ્યાં દાનાદિકમાં કે પરોપકારમાં ધન વાપરવાનો પ્રસંગ આવે ત્યાં તેને દૂરથી જ ટાળી દે છે, અને બહુ–આરંભ બહુ–પરિગ્રહ તથા અતિ તૃષ્ણાવડે નજીક આવેલા નરકવાસને દેખતો નથી. એમાંય પંચમકાળના ધનાઢયો તો (બહુધા) પૂર્વે મિથ્યાધર્મ–કુપાત્રદાન–કુદાનના સેવનવડે એવા કર્મ બાંધીને આવ્યા છે કે (કુધર્મસેવનને કારણે) નરક–તિર્યંચગતિની પરિપાટી અસંખ્યાત–અનંત કાળસુધી છૂટે નહીં; તેમના તન–મન–વચન–ધન ધર્મકાર્યમાં લાગતા નથી; રાત–દિન તૃષ્ણા અને આરંભવડે તે કલેશિત રહે છે; તેમને ધર્માત્મામાં

અને ધર્મને ધારણ કરવામાં કદી વાત્સલ્ય આવતું નથી. અને ધનરહિત ધર્માત્માને પણ તે પોતાથી નીચા માને છે.

માટે હે આત્મન્! હિતનો વાંછક થઈને, ધનસંપદાને મહામદની ઉપજાવનારી જાણી, દેહને અસ્થિર દુઃખદાયી જાણી અને કુટુંબને મહા બન્ધન માની તેમની પ્રીતિ છોડ, ને પોતાના આત્માનું વાત્સલ્ય કર. ધર્માત્મા પ્રત્યે, વ્રતી પ્રત્યે, તેમ જ સ્વાધ્યાયમાં ને જિનપૂજનમાં વાત્સલ્ય કરો. સમ્યક્ચારિત્રરૂપી આભરણથી ભૂષિત એવા સાધુજનોનું જે સ્તવન કરે છે, મહિમા કરે છે તેને વાત્સલ્યગુણ હોય છે, તે સુગતિને પામે છે ને દુર્ગતિનો નાશ કરે છે.

વાત્સલ્યગુણના પ્રભાવથી જ સમસ્ત દ્વાદશાંગવિદ્યા સિદ્ધ થાય છે; કેમકે સિદ્ધાંતસૂત્ર પ્રત્યે અને સિદ્ધાંતના ઉપદેશક ઉપાધ્યાય પ્રત્યે સાચી ભક્તિના પ્રભાવથી શ્રુતજ્ઞાનાવરણ કર્મનો રસ સુકાઈ જાય છે ને સકલવિદ્યા સિદ્ધ થાય છે. વાત્સલ્યગુણધારકને દેવ નમસ્કાર કરે છે અને વાત્સલ્યવડે અનેક પ્રકારની ઋદ્ધિઓ પ્રગટે છે. ધર્મવાત્સલ્યવડે જ મંદબુદ્ધિ જીવોને પણ મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન ખીલે છે. વાત્સલ્યના પ્રભાવથી પાપનો પ્રવેશ થતો નથી. તપ પણ વાત્સલ્ય વડે શોભે છે. તપમાં ઉત્સાહ વગર તપ નિરર્થક છે. આ રીતે જિનેન્દ્રદેવનો માર્ગ વાત્સલ્યવડે જ શોભે છે. વાત્સલ્યવડે શુભધ્યાન વૃદ્ધિ પામે છે, ને સમ્યગ્દર્શન નિર્દોષ થાય છે. વાત્સલ્યવડે જ દીધેલું દાન કૃતાર્થ થાય છે; પાત્રમાં પ્રીતિ વગર તથા દેવામાં પ્રીતિ વગર દાન નિંદાનું કારણ છે. વળી જિનવાણીમાં જેને વાત્સલ્ય હોય તેના વડે જ પ્રશંસાયોગ્ય સાચા અર્થનો ઉદ્યોત થાય; જિનવાણી પ્રત્યે જેને વાત્સલ્ય ન હોય, વિનય ન હોય તેને સાચો અર્થ સૂઝે નહીં, તે વિપરીત ગ્રહણ કરશે. આ મનુષ્યજન્મની શોભા વાત્સલ્યથી જ છે. વાત્સલ્ય વગરનો જીવ બહુ મનોજ્ઞ આભરણ–વસ્ત્રાદિ ધારણ કરે તોપણ પદે પદે તે નિંદાય છે. આ લોક સંબંધી યશનું, ધર્મનું ને ધનનું ઉપાર્જન વાત્સલ્યવડે જ થાય છે; તથા પરલોક–સ્વર્ગલોકમાં મહર્દ્ધિક દેવપણું પણ વાત્સલ્યથી જ થાય છે. વાત્સલ્ય વગર આ લોકનું સમસ્ત કાર્ય બગડી જાય તથા પરલોકમાં દેવાદિ ગતિ પામે નહીં.

અર્હન્તદેવ, નિર્ગ્રન્થગુરુ, સ્યાદ્વાદરૂપ પરમાગમ અને દયારૂપ ધર્મ પ્રત્યે જે વાત્સલ્ય છે તે સંસારપરિભ્રમણનો નાશ કરીને નિર્વાણ પમાડે છે. તથા જિનમંદિરની વૈયાવૃત્ય, જિનસિદ્ધાંતનું સેવન, સાધર્મીની વૈયાવૃત્ય અને ધર્મમાં અનુરાગ, દાન

દેવામાં પ્રીતિ–એ બધા ગુણો પણ વાત્સલ્યથી જ થાય છે. ષટ્કાય જીવોમાં જે વાત્સલ્ય કરે છે તે જ ત્રણલોકમાં અતિશયરૂપ એવી તીર્થંકરપ્રકૃતિનું ઉપાર્જન કરે છે. માટે જેઓ કલ્યાણના ઇચ્છુક છે તેઓ ભગવાન જિનેન્દ્રદેવના ઉપદેશેલા (સમ્યક્ત્વપૂર્વકના) વાત્સલ્યગુણનો મહિમા જાણી આ ૧૬ મા વાત્સલ્યઅંગનું સ્તવન–પૂજન અને અર્ચન કરે છે. તેઓ દર્શનની વિશુદ્ધિ પામીને તથા તપનું આચરણ કરીને અહમિન્દ્રાદિ દેવલોકને પામીને પછી જગતના ઉદ્ધારક તીર્થંકર થઈ નિર્વાણને પામે છે.

卐

# સ્થિતિકરણ

“અહો, આવો પવિત્ર જૈનધર્મ! આવો અપૂર્વ મોક્ષમાર્ગ! પૂર્વે કદી નહિ આરાધેલો આવો મોક્ષમાર્ગ! તેને સાધીને હવે મોક્ષમાં જવાના ટાણાં આવ્યા છે...તો આત્માર્થીને તેમાં પ્રમાદ કે અનુત્સાહ કેમ હોય? ઘોરાતિઘોર ઉપદ્રવમાં પણ પૂર્વે અનેક સંતો મોક્ષમાર્ગથી ડગ્યા નથી, અડગપણે આત્માના અવલંબને મોક્ષમાર્ગમાં ટકી રહ્યા છે...ને મારે પણ એમનું જ અનુકરણ કરીને આત્માને મોક્ષમાર્ગે લઈ જવાનો છે... સંસારના ઘોરતિઘોર દુઃખોથી હવે આ આત્માને બસ થાઓ...” આમ સંવેગ–નિર્વેદ વગેરે અનેક પ્રકારે આત્માને ઉત્સાહ જગાડીને, મોક્ષમાર્ગનો મહિમા પ્રસિદ્ધ કરીને સમકિતી પોતાના આત્માને તેમ જ બીજાના આત્માને મોક્ષમાર્ગમાં દ્રઢપણે સ્થિર કરે છે, એનું નામ સ્થિતિકરણ છે.

ધર્માત્મા બીજા સાધર્મીને કદાચિત્ મોક્ષમાર્ગ પ્રત્યે નિરૂત્સાહી થઈને ડગતો દેખે, તો તેના પ્રત્યે વાત્સલ્ય બતાવીને તેને માર્ગ પ્રત્યે ઉત્સાહ જગાડે છે.–આવો સ્થિતિકરણનો ભાવ ધર્મીને સહેજે આવી જાય છે.

(૧૦૦ રત્નોના સંગ્રહમાંથી)

# અત્યંત મધુર ચૈતન્યરસ

## તેને અનુભવનારા જ્ઞાની કેવા હોય ?

### ( સાધકના અંતરની અનુભવદશાને ઓળખાવતું એક ઘણું સુંદર ભાવવાહી પ્રવચન )

આ આત્મા અનાદિથી અજ્ઞાની વર્તે છે, તેને પોતાના સ્વભાવના સ્વાદનું અને વિકારના સ્વાદનું ભેદજ્ઞાન નથી એટલે બંનેને એકમેકપણે અનુભવે છે; દેહથી ભિન્નતાની વાત તો સ્થૂળમાં ગઈ, અહીં તો અંદરના અરૂપી વિકલ્પોથી પણ ચૈતન્યની ભિન્નતા બતાવવી છે. અજ્ઞાનીને ભેદજ્ઞાનની શક્તિ બીડાઈ ગઈ છે; ભેદજ્ઞાન કરવાની શક્તિ તો દરેક આત્મામાં છે પણ અજ્ઞાની તે શક્તિ પ્રગટ કરતો નથી, તેની તે શક્તિ અનાદિથી બિડાઈ ગયેલી છે. આવા અજ્ઞાનને લીધે જ તે પોતાને અને પરને એકમેક માને છે, જ્ઞાનને અને રાગને એકમેક અનુભવે છે. 'હું ચૈતન્ય છું'–એવો સ્વાનુભવ કરવાને બદલે 'હું ક્રોધ છું, હું રાગ છું'–એમ તે અનુભવે છે અહો, દિવ્યધ્વનિ ચૈતન્યના એકત્વસ્વભાવનો ઢંઢેરો વગાડે છે, ગણધરો–સંતો અને ચારે અનુયોગના શાસ્ત્રો ભેદજ્ઞાનનો ઢંઢેરો પીટીને કહે છે કે ચૈતન્યસ્વભાવ તો અનાદિ–અનંત, અકૃત્રિમ, નિર્મળ વિજ્ઞાનઘન છે, ને રાગાદિભાવો તો ક્ષણિક, નવા, પરાશ્રયે ઉત્પન્ન થયેલા મલિન ભાવો છે,–તેમને એકતા કેમ હોય ?–ન જ હોય.–પણ અજ્ઞાની આવા વસ્તુસ્વભાવથી ભ્રષ્ટ થઈને વારંવાર અનેક વિકલ્પરૂપે તદ્રુપ પરિણમતો થકો તેનો કર્તા પ્રતિભાસે છે.

અહીં તો તે કર્તાપણું છૂટવાની વાત સમજાવી છે. "રાગાદિનું કર્તાપણું અજ્ઞાનથી જ છે"–એમ જે જીવ જાણે છે તે જીવ તે રાગાદિના કર્તૃત્વને અત્યંતપણે છોડે છે. મારા ચૈતન્યસ્વભાવમાં રાગનું કર્તૃત્વ છે જ નહિ. રાગની ખાણ મારા ચૈતન્યમાં નથી, મારી ચૈતન્યખાણમાં તો નિર્વિકલ્પ અનાકુળ શાંતરસ ભર્યો છે. શાંતરસનો સ્વાદ તે જ મારો સ્વાદ છે, જે આકુળતા છે તે મારો સ્વાદ નથી, તે તો

રાગનો સ્વાદ છે–એમ બંનેના સ્વાદને અત્યંત ભિન્ન જાણતો થકો જ્ઞાની, ચૈતન્યને અને રાગને એકસ્વાદપણે નથી અનુભવતો, પણ ચૈતન્યના સ્વાદને રાગથી જુદો જ અનુભવે છે. ચૈતન્યના આનંદના નિધાનને પહેલાં અજ્ઞાનથી તાળાં દીધા હતા તે તાળાંને ભેદજ્ઞાનરૂપી ચાવી વડે ખોલી નાંખ્યા, ચૈતન્યના આનંદનિધાનને ખુલ્લા કરીને તેનું સ્વસંવેદન કર્યું. જ્યાં પોતાના નિજરસને જાણ્યો ત્યાં વિકારનો રસ છૂટી ગયો, તેનું કર્તૃત્વ છૂટી ગયું. પહેલાં નિરંતર વિકારનો સ્વાદ લેતો તેને બદલે હવે નિરંતર સ્વભાવના આનંદનો સ્વાદ લ્યે છે.

જુઓ, આ ચોથા ગુણસ્થાનવાળા સમકિતી ધર્માત્માની દશા! જે સાધક થયો, જે મોક્ષના પંથે ચડયો, અંતરમાં જેને ચૈતન્યના ભેટા થયા, એવા ધર્માત્મા–જ્ઞાની મતિશ્રુતજ્ઞાનથી ચૈતન્યના અતીન્દ્રિય આનંદનું સ્વસંવેદન કરે છે. અહા, જગતના રસથી જુદી જાતનો ચૈતન્યનો રસ છે. ઇન્દ્રપદના વૈભવમાં પણ તે રસ નથી. સમકિતી ઇન્દ્રો જાણે છે કે અમારા ચૈતન્યના અતીન્દ્રિય સ્વાદ પાસે આ ઇન્દ્રપદ તો શું!–આખા જગતનો વૈભવ પણ તૂચ્છ છે. ચૈતન્યનો રસ અત્યંત મધુર...અત્યંત શાંત! અત્યંત નિર્વિકાર... જેના સંવેદનથી એવી તૃપ્તિ થાય કે આખા જગતનો રસ ઊડી જાય. શાં...ત........શાં...ત ચૈતન્યનું મધુરું વેદન થયું ત્યાં આકુળતાજનક એવા કષાયોનું કર્તૃત્વ કેમ રહે? કષાયોથી અત્યંત ભિન્નતાનું ભાન થયું. જુઓ, સ્વસન્મુખ થઈને આવા સ્વાદનું સ્વસંવેદન કરવાની મતિ–શ્રુતજ્ઞાનની તાકાત છે. મતિશ્રુતને સ્વસન્મુખ કરીને ધર્માત્મા આવા ચૈતન્યસ્વાદનું પ્રત્યક્ષ સ્વસંવેદન કરે છે.

અહા, જુઓ તો ખરા કેવા શાંતભાવો આચાર્યદેવે ભર્યા છે! અમૃતના સાગર કેમ ઊછળે–તે વાત અમૃતચંદ્રાચાર્ય દેવે આ સમયસારમાં સમજાવી છે.

સાધકની અંદરની શું સ્થિતિ છે તેની જગતના જીવોને ખબર નથી; એના હૃદયના ગંભીર ભાવો ઓળખવાનું સાધારણ જીવોને મુશ્કેલ પડે તેવું છે. સમજવા માગે તો બધું સુગમ છે. આ ભાવો સમજે તો અમૃતના સાગર ઊછળે ને ઝેરનો સ્વાદ છૂટી જાય. ભેદજ્ઞાનનો આ મહિમા છે. ભેદજ્ઞાન થતાં જ જીવની આવી દશા થાય છે. જ્ઞાની ધર્માત્મા ચૈતન્યરસના સ્વાદ પાસે જગતના બધા સ્વાદ પ્રત્યે સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો છે, રાગાદિને પણ અત્યંત ઉદાસીન અવસ્થાવાળો રહીને માત્ર જાણે જ છે, પણ તેનો કર્તા થતો નથી. આ રીતે જ્ઞાયકસ્વભાવને જ સ્વપણે અનુ–

ભવતો જ્ઞાની નિર્વિકલ્પ–અકૃત્રિમ–એક વિજ્ઞાનઘનપણે પરિણમતો થકો અન્યભાવોનો અત્યંત અકર્તા જ છે.–આવી દશાથી સાધક ઓળખાય છે. આવી અંતરદશાથી જ્ઞાનીને ઓળખતાં અતિ આનંદ થાય છે ને વિકારમાં તન્મયબુદ્ધિરૂપ અજ્ઞાનનો નાશ થઈને અપૂર્વ ભેદજ્ઞાન પ્રગટ થાય છે.

**અંતરમાં અમૃતના સાગરમાં ડુબકી દઈને ધર્માત્માઓએ ચૈતન્યના આનંદનું જે મધુરવેદન કર્યું છે-તેના વર્ણન દ્વારા આચાર્યદેવે જ્ઞાનીની ઓળખાણ કરાવી છે. જે ઓળખાણ અતિ આનંદકારી છે ને અજ્ઞાનનો નાશ કરનારી છે.**

અજ્ઞાનથી જ વિકારનું કર્તાપણું છે, ને જ્ઞાનથી તે કર્તાપણાનો નાશ થાય છે– આમ જે જીવ જાણે છે તે સકલ પરભાવનું કર્તૃત્વ છોડીને જ્ઞાનમય થાય છે. નિશ્ચયને જાણનારા જ્ઞાનીઓએ એમ કહ્યું છે કે આત્મા અજ્ઞાનથી જ વિભાવનો કર્તા થાય છે. જ્યાં ભિન્ન ચૈતન્યસ્વભાવનું ભાન થયું ત્યાં પોતાના શુદ્ધચૈતન્ય સિવાય બીજે ક્યાંય આત્મવિકલ્પ થતો નથી, એટલે તે જ્ઞાની સમસ્ત પરભાવને પોતાના સ્વભાવથી ભિન્ન જાણતો થકો તેનું કર્તૃત્વ છોડી દે છે.

જુઓ, આ જ્ઞાનનું કાર્ય! જ્ઞાની થયો તે આત્મા પોતાના ચૈતન્યના ભિન્ન સ્વાદને જાણે છે. જ્યાં ચૈતન્યના અત્યંત મધુર શાંતરસનો સ્વાદ જાણ્યો ત્યાં કડવા સ્વાદવાળા કષાયોમાં આત્મબુદ્ધિ કેમ થાય? રાગાદિ ભાવો મારા સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલા છે–એમ જ્ઞાનીને જરાપણ ભાસતું નથી. શુદ્ધજ્ઞાનમય પરમ ભાવ જ તેને પોતાનો ભાસે છે, તેથી શુદ્ધજ્ઞાનમય સ્વભાવના આધારે તેને નિર્મળ જ્ઞાનભાવોની જ ઉત્પત્તિ થાય છે અને તેનો જ તે કર્તા થાય છે. વિકલ્પની ઉત્પત્તિ જ જ્યાં મારા જ્ઞાનમાં નથી તો પછી તે વિકલ્પવડે જ્ઞાનની પુષ્ટિ થાય–એ વાત ક્યાં રહી?–આથી જ્ઞાનીને જ્ઞાનથી ભિન્ન સમસ્ત વિકલ્પોનું કર્તૃત્વ છૂટી ગયું છે. આ રીતે રાગના કર્તૃત્વરહિત એવા જ્ઞાનપરિણમન વડે જ્ઞાની ઓળખાય છે.

(સ. ગા. ૯૭ ના પ્રવચનમાંથી)

*

# ભગવાન ઋષભદેવ
## તેમની આત્મિક-આરાધનાની પવિત્ર કથા

ભગવત્ જિનસેનસ્વામી રચિત મહાપુરાણના આધારેઃ લે. બ્ર. હરિલાલ જૈન

[ લેખાંક-૧૪ ]

– * –

જેમના દશ અવતારની પવિત્રકથા હવે પૂર્ણતા તરફ પહોંચી રહી છે એવા આપણા ચરિત્રનાયક ભગવાન ઋષભદેવ જયવર્મા અને મહાબલના ભવમાં જૈનધર્મના સંસ્કાર પામ્યા; ત્યાંથી લલિતદેવ થઈને પછી વજ્રજંઘ રાજા થયા ને વનમાં મુનિઓને આહારદાન કર્યું. (તે વખતે ભરત–બાહુબલી વગેરેના જીવોએ તથા ચાર તિર્યંચોએ તેની અનુમોદના કરી.) ત્યાંથી ભોગભૂમિમાં ઉપજીને છ જીવો સમ્યગ્દર્શન પામ્યા. પછી શ્રીધરદેવ, સુવિધિરાજા અને અચ્યુતઈન્દ્ર થઈને વજ્રનાભી ચક્રવર્તી થયા...૧૧ મા ગુણસ્થાને દેહ છોડી સર્વાર્થસિદ્ધિમાં ગયા ને પછી અયોધ્યામાં ઋષભદેવપણે અવતરીને પુરિતમાલનગરીમાં કેવળજ્ઞાન પામ્યા છે, સમવસરણ રચાયું છે...ચાલો, આપણે પણ ત્યાં પહોંચી જઈએ.

ભગવાન ઋષભદેવના કેવળજ્ઞાનના મંગલસમાચાર વિશ્વભરમાં પ્રસરી ગયા... ને ભવ્ય જીવોના ટોળેટોળા સમવસરણ તરફ આવવા લાગ્યા. ભગવાનના કેવળજ્ઞાનનો ઉત્સવ ઉજવવા અયોધ્યાથી રવાના થયેલી ભરત મહારાજાની સવારી ઠાઠમાઠ સહિત પુરિતમાલનગરીમાં સમવસરણ સમીપ આવી પહોંચી. બધા કાર્યોમાં સૌથી પહેલું ધર્મનું કાર્ય કરવું જોઈએ–એમ સમજનારા ભરતે, ચક્રરત્ન તથા પુત્રજન્મના ઉત્સવ પહેલાં ભગવાનના કેવળજ્ઞાનની પૂજા કરવાનો નિશ્ચય કર્યો હતો. બાહુબલી વગેરે નાના ભાઈઓ, અનેક રાણીઓ, પુત્રો, તથા મુખ્ય નગરજનો પણ સાથે હતા; આનંદનાં વાજાં વાગતા હતા. ભરતરાજાએ પહેલાં સમવસરણની પ્રદક્ષિણા કરી ને માનસ્તંભની પૂજા કરીને આગળ વધ્યા. આઠભૂમિ તથા ત્રણ કોટની આશ્ચર્યકારી શોભા નીહાળતા પીઠિકા પાસે પહોંચ્યા,

ધર્મચક્ર તથા ધર્મધ્વજનું પણ સન્માન કર્યું ને અતિશય ભક્તિપૂર્વક ભગવાન જિનેન્દ્ર–દેવને દેખ્યા. અહા, અષ્ટ પ્રાતિહાર્યના વૈભવયુક્ત ભગવાનને નીહાળતાં મહા આનંદપૂર્વક ભરતે તેમની પૂજા કરી અને બંને ઘૂંટણ જમીન પર રાખીને નમસ્કાર કર્યા; તથા સ્તુતિ કરવા લાગ્યાઃ હે પ્રભો! આપ ધર્મના નાયક છો, આપ મોક્ષમાર્ગના નેતા છો, આત્મસ્વરૂપને જાણનારાઓના આપ ધ્યેય છો. ઇન્દ્રિયો વિદ્યમાન હોવા છતાં આપ અતીન્દ્રિય છો; વિષય–કષાયરહિત સંપૂર્ણ સુખ આપને પ્રગટયું છે. પ્રભો! આપ તો અનંતગુણસમ્પન્ન છો, અમે અલ્પબુદ્ધિજીવો આપના પવિત્ર ગુણોનું સ્તવન કઈ રીતે કરી શકીએ? આપના ગુણોની સ્તુતિ તો દૂર રહી, આપનું નામ પણ અમને પવિત્ર કરે છે.–ઇત્યાદિ પ્રકારે ૧૦૮ નામોવડે સ્તુતિ કરી. હે પ્રભો! આપને જ ઇષ્ટદેવ માનીને અમે આપની જ ઉપાસના કરીએ છીએ, ને આપે દેખાડેલો મોક્ષમાર્ગ ઉપાસીને મોક્ષ પ્રાપ્ત કરવા ચાહીએ છીએ.

એ પ્રમાણે સ્તુતિ કરીને દેવો પણ જેને આશ્ચર્યથી જોઈ રહ્યા છે એવા તે ભરતચક્રવર્તી શ્રીમંડપમાં જઈને મનુષ્યોની સભામાં અગ્રસ્થાને બેઠા. આખી સભા તત્ત્વનું સ્વરૂપ જાણવાની ઇચ્છાથી ભગવાનની દિવ્ય વાણી સાંભળવા માટે હસ્તાંજલિ જોડીને શાંત થઈ ગઈ. ત્યારે મહારાજા ભરતે વિનયપૂર્વક ભગવાનને પ્રાર્થના કરીઃ હે ભગવાન! તત્ત્વો કેટલા છે? મોક્ષનો માર્ગ શું છે? ને તે માર્ગનું ફળ શું છે? હે શ્રેષ્ઠ તત્ત્વવેત્તા! તે હું આપની પાસેથી સાંભળવા ચાહું છું.

## ભગવાનની દિવ્યધ્વનિવડે ભરતક્ષેત્રમાં ધર્મવર્ષાનો પ્રારંભ

ભરતરાજનો પ્રશ્ન સમાપ્ત થતાં તીર્થંકર ભગવાન ઋષભદેવે અત્યંત ગંભીર દિવ્યવાણી દ્વારા તત્ત્વોનું વિવેચન કર્યું. દિવ્યવાણી છૂટતી વખતે પણ ભગવાનના મુખમાં કોઈ ફેરફાર (હોઠનું હલનચલન વગેરે) થતો ન હતો,–શું પદાર્થોને પ્રકાશીત કરતી વખતે દર્પણમાં વિકાર થાય છે?–નહિ. પ્રયત્ન વિના સર્વાંગેથી એ વીતરાગવાણીનો ધોધ વહેતો હતો. જેમ પર્વતની કોઈ ઊંડી ગૂફામાંથી અવાજ આવતો હોય એમ પ્રભુની દિવ્યધ્વનિ અતિ ગંભીર હતી. અહો, તીર્થંકરાદિ મહાપુરુષોનું યોગબળ ને એમની પ્રભુતા કોઈ અચિન્ત્ય હોય છે!

સમવસરણ વચ્ચે દિવ્યધ્વનિમાં ભગવાને જીવાદિ છ દ્રવ્યોનું યથાર્થ સ્વરૂપ કહ્યું. જગતમાં જીવ ને અજીવ એમ બે પ્રકારનાં દ્રવ્યો છે; જીવ પણ સંસારી ને મુક્ત એમ

બે પ્રકારનાં છે. જેમાં ચેતના એટલે કે જાણવા–દેખવાની શક્તિ છે તે જીવ છે; તે અનાદિ–અનંત છે, ઉત્પત્તિ–વિનાશરહિત છે, ઉપયોગસ્વરૂપ છે, સ્વકર્મનો કર્તા છે, તેના શુભાશુભ ફળનો ભોક્તા છે, શરીરપ્રમાણ અસંખ્યપ્રદેશી અરૂપી છે. અનંતગુણસમ્પન્ન છે, લોકાગ્ર સુધી ઊર્ધ્વગમનસ્વભાવી છે, સંસારદશામાં સંકોચવિસ્તારરૂપ પરિણમે છે; જીવનું સંશોધન કરવા માટે ગતિ વગેરે ૧૪ માર્ગણાઓ પણ ભગવાને વિસ્તારથી બતાવી; જીવની પર્યાયના ૧૪ ગુણસ્થાનો બતાવ્યા; ઓપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક–એ પાંચ ખાસ ભાવો જીવનાં નિજતત્ત્વ છે, તેમનું સ્વરૂપ ઓળખાવ્યું. જીવનું લક્ષણ ઉપયોગ છે. એવા ઉપયોગલક્ષણરૂપ જીવને ઓળખીને તેનું યથાર્થ શ્રદ્ધાન કરવું જોઈએ. જીવ, ઉપરાંત પ્રાણી, જંતુ, ક્ષેત્રજ્ઞ, પુરુષ, પુમાન, આત્મા, અંતરાત્મા, જ્ઞ અને જ્ઞાની એ પણ જીવનાં જ નામો છે. દ્રવ્યથી તે નિત્ય છે ને પર્યાયથી તે ઉત્પત્તિ–વિનાશ સહિત અનિત્ય છે. આત્મા સત્ વસ્તુ છે, તે સર્વથા અભાવરૂપ નથી. તેમ જ સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય પણ નથી; તે સર્વથા અકર્તા કે અભોક્તા પણ નથી, તેને સંસાર છે ને તે સંસારથી છૂટીને મોક્ષ પણ થાય છે. તે મોક્ષનો ઉપાય પણ છે. કુમાર્ગ છોડીને આવા જીવતત્ત્વનો નિશ્ચય કરવો જોઈએ.

વળી ભગવાનની દિવ્યદેશનામાં એમ આવ્યું કે–જીવની નરક, તિર્યંચ, મનુષ્ય ને દેવ એ ચારે ગતિ તે સંસારઅવસ્થા છે; અને રત્નત્રયદ્વારા સમસ્ત કર્મોનો અત્યંત ક્ષય થતાં જે અનંત સુખસ્વરૂપ સિદ્ધગતિ પ્રગટે છે તે મોક્ષદશા છે. સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર એવા રત્નત્રયરૂપ સાધનવડે તેની પ્રાપ્તિ થાય છે. આવા જીવાદિ તત્ત્વોનું તથા સાચા દેવ–શાસ્ત્ર–ગુરુનું અત્યંત પ્રસન્નતાપૂર્વક શ્રદ્ધાન્ કરવું તે સમ્યગ્દર્શન છે; આ સમ્યગ્દર્શન મોક્ષપ્રાપ્તિનું પહેલું સાધન છે. જીવાદિ પદાર્થોના યથાર્થસ્વરૂપને પ્રકાશીત કરનારું ને અજ્ઞાન–અંધકારનો નાશ કરનારું જે જ્ઞાન છે તે સમ્યગ્જ્ઞાન છે. ઇષ્ટ–અનિષ્ટ પદાર્થોમાં સમતાભાવ ધારણ કરીને નિજસ્વરૂપમાં ચરવું–એવા માધ્યસ્થલક્ષણરૂપ સમ્યક્ચારિત્ર છે. આ સમ્યક્ચારિત્ર યથાર્થપણે તૃષ્ણારહિત, મોક્ષાર્થી, વસ્ત્રરહિત અને અહિંસક એવા મુનિને જ હોય છે. આ સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયની પૂર્ણતા તે મોક્ષનું કારણ છે; તેમાંથી એક્કેય ઓછું હોય તો તે પોતાના કાર્યને (મોક્ષને) સાધી શકતું નથી. સમ્યગ્દર્શન હોય તો જ જ્ઞાન ને ચારિત્ર સફળ છે. સમ્યગ્દર્શન રહિત ચારિત્ર કંઈપણ કાર્યકારી નથી,–પરંતુ તે તો અંધપુરુષની દોડ સમાન છે. એ જ રીતે

ચારિત્ર વગર એકલા દર્શન–જ્ઞાનવડે પણ મોક્ષ સધાતો નથી. આ રીતે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ ભગવાને બતાવ્યો.

જૈનધર્મમાં આપ્ત આગમ અને પદાર્થોનું જે સ્વરૂપ કહ્યું છે તેનાથી વધારે કે ઓછું ત્રણકાળમાં હોતું નથી.–આવી શ્રદ્ધાની દ્રઢતાવડે સમ્યગ્દર્શનમાં વિશુદ્ધતા થાય છે. જેઓ અનંત–જ્ઞાનાદિ ગુણોસહિત સર્વજ્ઞ છે, જેમણે મોહાદિ કર્મકલંક ધોઈ નાંખ્યા છે, જેઓ નિર્મળતાના ભંડાર છે ને નિર્મળ જેમનો આશય છે, સૌના હિતોપદેષ્ટા છે–એવા વીતરાગ જિનદેવ તે **'આપ્ત'** છે, તે જ ઇષ્ટદેવ છે. એવા આપ્તપુરુષની વાણી કે જે સંપૂર્ણ પુરુષાર્થને ઉપદેશનારી છે ને નયપ્રમાણોથી ગંભીર છે તે **'આગમ'** છે. તેમાં કહેલાં અનેકાન્તસ્વરૂપ જીવાદિ પદાર્થો તે **તત્ત્વો** છે. આવા આપ્ત–આગમ ને તત્ત્વને બરાબર ઓળખવા જોઈએ. જીવ–અજીવ આદિ પદાર્થો પોતપોતાના ગુણ–પર્યાયરૂપે પરિણમન કરે છે; સમસ્ત પદાર્થોમાં પરિણમન સ્વયમેવ થાય છે, અને કાળદ્રવ્ય તેમાં સહકારીકારણ છે.–આવા પદાર્થસ્વરૂપને જે જાણે છે તે પરમબ્રહ્મ પદને પામે છે.

આ રીતે ભરતક્ષેત્રના આદ્યતીર્થંકર ભગવાન ઋષભદેવે દિવ્યધ્વનિદ્વારા જીવાદિ છ દ્રવ્યોનું, મોક્ષ વગેરે પુરુષાર્થનું, મુનિધર્મ તથા શ્રાવકધર્મનું, મોક્ષ અને તેના માર્ગરૂપ રત્નત્રયનું, બંધ અને બંધનાં કારણોનું, સંસારી અને મુક્તજીવનું, ત્રણલોકની રચનાનું, સ્વર્ગ–નરક ને દ્વીપ–સમુદ્ર વગેરેનું, તીર્થંકરો–ચક્રવર્તીઓ વગેરેના ચરિત્રનું, તીર્થંકરોના કલ્યાણકોનું, ગુણસ્થાન–માર્ગણાસ્થાનનું, ગતિ–આગતિનું તથા મુનિઓની ઋદ્ધિ વગેરેનું નિરૂપણ કર્યું. સર્વને જાણનારા ને સર્વનું કલ્યાણ કરનારા ભગવાન ઋષભદેવે ભૂત–ભવિષ્ય–વર્તમાન ત્રણેકાળસંબંધી સમસ્ત દ્રવ્યોનું સંપૂર્ણ સ્વરૂપ બતાવ્યું.

અહા, આ ભરતક્ષેત્રમાં અસંખ્યાતા વર્ષો બાદ તીર્થંકર ભગવાનની દિવ્યવાણી પહેલવહેલી પુરિતમાલનગરીમાં છૂટી...એ દિવ્યધ્વનિની શી વાત!! ને એ અમૃતધોધને ઝીલનારા શ્રોતાઓના આનંદની શી વાત!! ભગવાને કહેલું તત્ત્વસ્વરૂપ સાંભળીને ભરતરાજ અને બારે સભાના જીવો પરમ આનંદને પામ્યા. દિવ્યધ્વનિદ્વારા ધર્મરૂપી અમૃતનું પાન કરીને બધા જીવો પરમ હર્ષથી સંતુષ્ઠ થયા. પરમ આનંદિત થઈને ભક્તિનિર્ભર એવા ભરતરાજા ભગવાન સમીપે સમ્યક્ત્વની શુદ્ધિ તેમ જ અણુવ્રતોની પરમવિશુદ્ધિને પામ્યા.

## ચાર તીર્થરૂપ ચતુર્વિધસંઘની સ્થાપના

એ જ વખતે, ભરતના નાનાભાઈ **વૃષભસેન**–કે જે આ પુરિતમાલ નગરીના રાજવી હતા, તથા જે પ્રાજ્ઞ, શૂરવીર, પવિત્ર, ધીર–ગંભીર ને અતિશય બુદ્ધિમાન હતા તેમણે પણ ભગવાનના પ્રથમ ઉપદેશથી સંબોધિત થઈને ભગવાનના ચરણોમાં મુનિદીક્ષા ધારણ કરી ને તેઓ ભગવાનના પ્રથમ ગણધર થયા; **ભગવાનના જે પુત્ર હતા તે જ તેમના ધર્મપુત્ર ( ગણધર ) થયા;** ને સાત ઋદ્ધિ તથા ચાર જ્ઞાનવડે શોભી ઊઠયા; આ ઉપરાંત આહારદાન દેનારા રાજા સોમપ્રભ, શ્રેયાંસકુમાર તથા અન્ય રાજાઓ પણ દીક્ષા લઈને ભગવાનના ગણધર થયા. ભગવાનની પુત્રી અને ભરતની નાની બહેન **બ્રાહ્મીદેવી** પણ ભગવાન સમીપ દીક્ષિત થઈને આર્યિકાઓના સંઘના ગણિની બન્યા, દેવોએ પણ તેની પૂજા કરી. ભગવાનની બીજી પુત્રી ને બાહુબલીની સહોદરા સુંદરીદેવીએ પણ પ્રભુચરણોમાં વૈરાગ્યપૂર્વક દીક્ષા લીધી; બીજા પણ કેટલાય રાજાઓ, રાજકુમારો ને રાજપુત્રીઓએ સંસારથી ભયભીત થઈને દીક્ષા ધારણ કરી. **શ્રુતકીર્તિ** નામના અતિશય બુદ્ધિમાન પુરુષે શ્રાવકવ્રત ગ્રહણ કર્યા, ને દેશવ્રતી શ્રાવકોમાં તે શ્રેષ્ઠ થયા; એ જ રીતે પવિત્ર અંતઃકરણવાળી સતી **પ્રિયવ્રતા**એ શ્રાવિકાનાં વ્રત ધારણ કર્યા ને શ્રાવિકાઓમાં તે શ્રેષ્ઠ થઈ. આ રીતે ભગવાન ઋષભદેવના શાસનમાં આ ભરતક્ષેત્રમાં મુનિ–અર્જિકા–શ્રાવક ને શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘની સ્થાપના થઈ.

## મોક્ષના દરવાજા ખુલ્યા

ભગવાનની સાથે દીક્ષા લેનારા જે ૪૦૦૦ રાજાઓ ભ્રષ્ટ થઈ ગયા હતા તેમાંના એક મરીચિ સિવાયના બીજા બધા તપસ્વી–રાજાઓ ભગવાન ઋષભદેવના ઉપદેશથી તત્ત્વનું યથાર્થ સ્વરૂપ સમજીને ફરીથી દીક્ષિત થયા ને ભાવલિંગી મુનિ થયા. બીજા અનેક ઉત્તમ રાજાઓએ પણ દીક્ષા લીધી; તેમાં ભગવાનના પુત્ર અનંતવીર્ય ( ભરતના ભાઈ ) પણ ભગવાન પાસે દીક્ષા લઈને, અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટાવી આ અવસર્પિણી યુગમાં સૌથી પહેલા મોક્ષ પામ્યા. દેવોએ પણ તેમની પૂજા કરી. આ રીતે ભગવાનની દિવ્યધ્વનિ શરૂ થતાં ભરતક્ષેત્રમાં મોક્ષનાં દરવાજા ખુલ્યાં.

* * *

મહારાજા ભરત પરમભક્તિપૂર્વક ભગવાન ઋષભદેવની પૂજા કરીને, તેમના કેવળજ્ઞાનનો ઉત્સવ કરીને, તેમની દિવ્યવાણીનું શ્રવણ કરીને અને પોતામાં દર્શનવિશુદ્ધિ

વગેરે પ્રાપ્ત કરીને, હવે ચક્રરત્નનો તથા પુત્રજન્મનો ઉત્સવ કરવા માટે અયોધ્યા તરફ પાછા ફર્યા; તેમની સાથે સાથે બાહુબલી વગેરે નાના ભાઈઓ પણ આનંદપૂર્વક જગતગુરુની વંદના કરીને પાછા ફર્યા.

## સૌધર્મ-ઇન્દ્રદ્વારા ભગવાનની મહાસ્તુતિ

ભરત–રાજર્ષિ વિદાય થયા ને દિવ્યધ્વનિ બંધ થઈ ત્યારે, ધર્મસભામાં બિરાજમાન ભગવાન ઋષભદેવને દેખીને હર્ષથી જેનાં હજારનેત્રો વિકસીત થયાં છે અને મન પ્રસન્ન થઈ રહ્યું છે એવા સૌધર્મ–ઇન્દ્રે સ્થિરચિત્તે ભગવાનની સ્તુતિ શરૂ કરીઃ હે પ્રભો! મારી બુદ્ધિની મંદતા હોવા છતાં માત્ર ભક્તિથી પ્રેરાઈને હું ગુણરત્નોની ખાણ એવા આપની સ્તુતિ કરું છું; આપની સ્તુતિવડે ઉત્તમફળ સ્વયં પ્રાપ્ત થાય છે. પવિત્ર ગુણોનું કીર્તન કરવું તે સ્તુતિ છે, પ્રસન્નબુદ્ધિવાળો ભવ્યજીવ સ્તુતિ કરનાર (સ્તોતા) છે, સર્વગુણસમ્પન્ન એવા આપ સર્વજ્ઞદેવ સ્તુત્ય છો, અને મોક્ષસુખની પ્રાપ્તિ તે સ્તુતિનું ફળ છે. હે ભગવાન! આ રીતે આપની સ્તુતિ કરનાર એવા મને આપ આપની પ્રસન્નદ્રષ્ટિવડે પવિત્ર કરો. પ્રભો! આપની ભક્તિ મને આનંદિત કરી રહી છે તેથી હું સંસારથી ઉદાસીન થઈને આપની સ્તુતિમાં લીન થયો છું. હે દેવ! રાગ–દ્વેષરહિત એવા આપનું શરીર વસ્ત્રાભૂષણ વગર જ સર્વોત્કૃષ્ટપણે શોભી રહ્યું છે; આપે ક્રોધ કર્યા વગર જ મોહશત્રુને હણી નાંખ્યો; આપની પ્રભુત્વશક્તિ મહાન આશ્ચર્યકારી છે. પ્રભો! આપની વીતરાગદ્રષ્ટિ અમને પવિત્ર કરી રહી છે. જેમાંથી દિવ્યવાણીરૂપી અમૃત ઝરે છે ને ભવ્યજીવોને જીવન આપે છે એવું આપનું શ્રી–મુખ, જાણે કે ધર્મનો ખજાનો હોય એવું શોભી રહ્યું છે; અને આ પણ એક આશ્ચર્યની વાત છે કે આપની વાણીમાં એક સાથે અનેક પ્રકારની ભાષાઓ ઉત્પન્ન થાય છે, આપના તીર્થંકરત્વનો જ એ કોઈ અચિંત્ય મહિમા છે. આપના આત્માની તો શી વાત, આપના દેહ અને વાણી પણ એવા અસાધારણ છે કે જગતને આનંદિત કરે છે. પ્રભો! આપનું આ સમવસરણરૂપી વિમાન પૃથ્વીને નહિ સ્પર્શતું થકું સદા આકાશમાં જ વિદ્યમાન રહે છે; આપની સમીપ ૧૦૦ યોજનમાં ક્યાંય દુષ્કાળ વગેરે ઉપદ્રવ હોતો નથી; સિંહ–વાઘ જેવા હિંસક પ્રાણીઓ પણ આપનો ધર્મોપદેશ સાંભળીને અહિંસક બની જાય છે; પ્રભો! ઘાતીકર્મોને નષ્ટ કર્યા હોવાથી અસાતા વેદનીય આપને ફળ આપી શકતું નથી. તેથી નથી તો આપને ક્ષુધા, કે નથી આહાર. આપ તો અનંત અતીન્દ્રિય સુખના ભોક્તા છો. પ્રભો! આપને દેખતાં દેવોને એટલો આનંદ થાય છે કે એમનાં નેત્રો પલકાર પણ મારતાં નથી. પ્રભો, આપ આપના

આત્મામાંથી આત્માવડે જ સ્વયંભૂ સર્વજ્ઞપણે પ્રગટ થયા છો ને આપનો મહિમા અચિંત્ય છે, તેથી આપને નમસ્કાર હો.

ભગવાનની સ્તુતિ કરતાં સૌધર્મઇન્દ્ર કહે છે કે હે નાથ! આપના ગુણો અનંત છે; એ અનંતગુણોનું સ્તવન તો દૂર રહો, પરંતુ આપનાં ૧૦૦૮ લક્ષણો અતિશય પ્રસિદ્ધ છે, તેથી હું આપનાં એક હજાર આઠ મંગલ નામોદ્વારા આપની સ્તુતિ કરું છું. આમ કહીને ઇન્દ્રે 'श्रीमान्' થી શરૂ કરીને 'धर्मसाम्राज्यनायक' સુધીનાં ૧૦૦૮ નામોથી ભગવાનનું સ્તવન કર્યું.

૧. હે પ્રભો! જગતના અદ્વિતીય–પ્રકાશક હોવાથી આપ એક છો.
૨. એકસાથે જ્ઞાન–દર્શનરૂપ બે ઉપયોગના ધારક હોવાથી આપ બે રૂપ છો.
૩. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એવા ત્રિવિધ મોક્ષમાર્ગમય હોવાથી ત્રિરૂપ છો.
૪. આત્મામાં ઉત્પન્ન એવા અનંત ચતુષ્ટયસ્વરૂપ હોવાથી ચારરૂપ છો.
૫. પંચપરમેષ્ઠીસ્વરૂપ હોવાથી તથા પંચકલ્યાણકના નાયક હોવાથી પાંચરૂપ છો.
૬. જીવાદિ છ દ્રવ્યોના જ્ઞાતા હોવાથી આપ છ રૂપ છો.
૭. નૈગમાદિ સાત નયોના સંગ્રહરૂપ હોવાથી આપ સાતરૂપ છો.
૮. સમ્યક્ત્વાદિ આઠ અલૌકિક ગુણસ્વરૂપ હોવાથી આઠરૂપ છો.
૯. કેવળજ્ઞાનાદિ નવ ક્ષાયિકલબ્ધિસહિત હોવાથી આપ નવરૂપ છો.
૧૦. મહાબલ આદિ દશ અવતારવડે આપનો નિર્ધાર થતો હોવાથી દશરૂપ છો.

એવા હે ઋષભજિનેશ્વર! આ ભવદુઃખોથી મારી રક્ષા કરો.

એ પ્રમાણે સ્તુતિ કર્યા બાદ ઇન્દ્રે ભગવાનને તીર્થવિહાર માટે પ્રાર્થના કરીઃ હે પ્રભો! ભવ્યજીવોને ધર્મરૂપી અમૃતનું સીંચન કરવા માટે આપ શરણરૂપ થાઓ. મોહની સેનાને નષ્ટ કરીને કેવળજ્ઞાન પામ્યા પછી હવે મોક્ષમાર્ગનો ઉપદેશ દેવાનો સમય પાકી ગયો છે, ને આપના શ્રી વિહાર માટે આ ધર્મચક્ર પણ તૈયાર છે. માટે હે જિનેશ્વર! મંગલવિહારવડે આ ભરતભૂમિને પાવન કરો ને મોક્ષમાર્ગના ઉપદેશવડે ધર્મતીર્થનું પ્રવર્તન કરો.

ત્યારે, તીર્થંકર નામની પુણ્યપ્રકૃતિ જેને સારથિ છે એવા શ્રી ભગવાનનો વિહાર થયો; ભગવાનને કંઈ ઇચ્છા ન હતી પણ ભવ્ય જીવોના મહાભાગ્યે એમનો સહજ વિહાર થયો. છત્ર, ચામરાદિ દિવ્ય વિભૂતિ પણ સાથે જ હતી. ઇન્દ્રાદિ દેવોએ ભગવાનના વિહારનો

મોટો મહોત્સવ કર્યો. આકાશગામી ભગવાનની આસપાસ કરોડો દેવો જયજયકાર કરતા આકાશમાં ચાલવા લાગ્યા. ભગવાન જ્યાં જ્યાં પધાર્યા ત્યાં સર્વત્ર આનંદ ફેલાઈ ગયો; આકાશ અને પૃથ્વી પણ પ્રસન્ન થઈને ભગવાનના આગમનની સૂચના દેતા હતા. હજાર આરાવાળું તેજસ્વી ધર્મચક્ર સૌથી આગળ ચાલતું હતું. અષ્ટમંગળ, ધર્મધ્વજ અને દેવોનાં વાજાં પણ સાથે હતા. ભગવાનના ચરણોની નીચે આકાશમાં સુવર્ણકમળ રચાઈ જતા હતા. એ રીતે આકાશરૂપી સરોવર પણ કમળોથી ખીલી જતું હતું. ભરતભૂમિમાં મંગલ વિહાર કરીને ભગવાન ઋષભદેવે ધર્મામૃતની વર્ષા કરી અને ભવ્યજીવોને તૃપ્ત કર્યા; પછી કૈલાસપર્વત ઉપર પધાર્યા.

**“કૈલાસગિરિ પર ઋષભ જિનવર પદકમલ હિદે ધરું”**

卐

# સુખનો સૂરજ ઊગીયો.....

સુખનો તે સૂરજ ઊગીયો...સખી...સુખનો સૂરજ ઊગીયો...
ઋષભદેવ જેવા દાદા મળ્યા મને...સુખનો સૂરજ ઊગીયો...
બાહુબલી જેવા બાંધવ મળ્યા મને...સુખનો સૂરજ ઊગીયો...
ચંદનબાળા જેવી બેની મળી મને...સુખનો સૂરજ ઊગીયો...
સીમંધરનાથ જેવા દેવ મળ્યા મને...સુખનો સૂરજ ઊગીયો...
કુંદકુંદ જેવા ગુરુ મળ્યા મને...સુખનો સૂરજ ઊગીયો...
સમયસાર જેવા શાસ્ત્ર મળ્યા મને...સુખનો સૂરજ ઊગીયો...
કહાનગુરુ જેવા સંત મળ્યા મને...સુખનો સૂરજ ઊગીયો...
બેનશ્રી–બેન જેવા માતા મળ્યા મને...સુખનો સૂરજ ઊગીયો...
સિદ્ધપ્રભુ જેવા સગા મળ્યા મને...સુખનો સૂરજ ઊગીયો...
ભગવાન જેવો આત્મા મળ્યો મને...સુખનો સૂરજ ઊગીયો...
સાધર્મી સાહેલી આનંદ કરો સૌ...સુખનો સૂરજ ઊગીયો...

( ચંદ્રાબેન જૈન, રાજકોટ. બાલવિભાગના સભ્ય નં. ૨ )

* * *

# પરમ શાંતિ દાતારી અધ્યાત્મ ભાવના

( અંક ૨૮૪ થી ચાલુ ) * ( લેખાંક ૫૧ )

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

卐

જેમ વ્રતાદિના વિકલ્પો મોક્ષનું કારણ નથી તેમ મુનિલિંગનો વિકલ્પ પણ મોક્ષનું કારણ નથી–એમ હવે આચાર્યદેવ પ્રતિપાદન કરે છેઃ–

**लिगं देहाश्रितं द्दष्टं देह एवात्मनो भवः।**

**न मुच्यते भवात्त स्मात्ते ये लिंगकृताग्रहाः।।८७।।**

લિંગ દેહાશ્રિત છે, અને દેહમાં આત્મબુદ્ધિ તે જ સંસાર છે. તેથી જેઓ દેહાદિ લિંગમાં કે રાગાદિમાં મમત્વબુદ્ધિ કરે છે તેઓ સંસારથી છૂટતા નથી.

સમયસારમાં આચાર્યદેવ કહે છે કે આત્માને દેહ જ નથી, તો પછી દેહ કે દેહાશ્રિત ભાવો મોક્ષનું કારણ કેમ હોય? પંચ મહાવ્રતાદિ મુનિલિંગને કે અણુવ્રતાદિના શુભરાગરૂપ ગૃહસ્થી લિંગને આત્માનું સ્વરૂપ માનીને અજ્ઞાની તેને મોક્ષમાર્ગ માને છે, પણ તે લિંગ મોક્ષમાર્ગ નથી; કારણ કે અર્હંતદેવો દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા લિંગને (મહાવ્રતના વિકલ્પને) છોડીને દર્શન–જ્ઞાન–ચારિત્રને જ સેવે છે. ભગવાને તો શુદ્ધજ્ઞાનની ઉપાસના વડે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ સેવ્યો ને એવો જ મોક્ષમાર્ગ ઉપદેશ્યો. દ્રવ્યલિંગ તો શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે, તેથી તે મોક્ષમાર્ગ નથી; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, કારણ કે તે આત્માશ્રિત છે. માટે હે ભવ્ય! બાહ્યલિંગનું મમત્વ છોડીને દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં જ તારા આત્માને જોડ.

‘જેને લિંગકૃત આગ્રહ છે તે મોક્ષ પામતો નથી,’–પણ એનો અર્થ એવો નથી કે દિગંબર લિંગ સિવાય બીજા ગમે તે લિંગમાં પણ મોક્ષ થઈ જાય. મોક્ષ પામનારને

મુનિદશામાં શરીરની દિગંબરદશા જ હોય–એ તો નિયમ છે,–એમ જાણવું તે કાંઈ લિંગકૃત આગ્રહ નથી; પણ અંતરમાં ચૈતન્યતત્ત્વની આરાધના તો જે કરતો નથી અને શરીરની દિગંબરદશા થઈ તેને જ મોક્ષનું કારણ માને છે તે જીવને લિંગકૃત આગ્રહ છે; શરીર સંબંધી વિકલ્પ છોડીને જ્યારે સ્વરૂપમાં ઠરશે ત્યારે જ મુક્તિ થશે. તે વખતે દેહ ભલે દિગંબર જ હોય, પણ તે કાંઈ મોક્ષનું કારણ નહિ થાય, મોક્ષનું કારણ તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર જ થશે. માટે અરિહંત ભગવંતોએ દેહનું મમત્વ છોડીને રત્નત્રયની જ મોક્ષમાર્ગપણે ઉપાસના કરી છે; ને તેનો જ ઉપદેશ દીધો છે.

દેહ તો સંસાર છે; અશરીરી સિદ્ધદશા તેની સામે સંસારનો આધાર (નિમિત્ત તરીકે) શરીર છે; જેને શરીરનું મમત્વ છે,–શરીર મને ધર્મનું સાધન થશે–એમ માને છે તે જીવ શરીરથી છૂટી શકતો નથી, એટલે કે સંસારથી છૂટી શકતો નથી, ને અશરીરી સિદ્ધપદ પામતો નથી.

વસ્ત્ર–પાત્ર વગેરે પરિગ્રહ સહિત મુનિદશા મનાવે તેને તો મોક્ષમાર્ગના નિમિત્તમાંય ભૂલ છે; અહીં તો કહે છે કે શરીરની નગ્નદશા કે પંચમહાવ્રતસંબંધી શુભ વિકલ્પ (કે જે મોક્ષમાર્ગનાં બાહ્ય લિંગ છે) તેને જે મોક્ષમાર્ગ માને, તેને પણ લિંગનો આગ્રહ છે, શરીરનું મમત્વ છે. જેને શરીરનું મમત્વ છે તે શરીરથી છૂટીને અશરીરીદશા ક્યાંથી પામશે? ભાઈ, આ શરીર જ તારું નથી પછી એમાં તારો મોક્ષમાર્ગ કેવો? દેહને જે મોક્ષનું સાધન માને તેને દેહનું મમત્વ હોય જ.–જેને મોક્ષનું સાધન માને તેનું મમત્વ કેમ છોડે? મુનિદશામાં શરીર નગ્ન જ હોય એ ખરું છે,–પણ મુનિદશા કાંઈ એ નગ્ન શરીરના આશ્રયે નથી, મુનિદશા તો શુદ્ધઆત્માના જ આશ્રયે છે. શુદ્ધ આત્માને જે નથી જાણતો તેને મુનિદશા હોતી નથી.

કોઈ કુતર્ક કરે કે દેહના આશ્રયે તો મોક્ષમાર્ગ નથી, પછી મુનિદશામાં શરીર નગ્ન હોય કે વસ્ત્રસહિત હોય તેમાં શું?–તો કહે છે કે ભાઈ, નિમિત્તનો મેળ હોય છે, જે દશામાં જેવો રાગ ન હોય તેવા નિમિત્ત પણ હોતાં નથી. જેમ સર્વજ્ઞને આહારની ઇચ્છા નથી તો બહારમાં પણ આહારની ક્રિયા નથી, તેમ મુનિને પરિગ્રહનો ભાવ નથી તો બહારમાં પણ વસ્ત્રાદિ પરિગ્રહ હોતો નથી. એવો મેળ સહજપણે હોય છે. રાગ છૂટતાં તેનાં નિમિત્તો પણ સહેજે છૂટી જાય છે. છતાં ધર્મીને તે બાહ્ય નિમિત્તમાં કર્તૃત્વ નથી.

સ્વભાવ–આશ્રિત શુદ્ધ રત્નત્રયને જેઓ સેવતા નથી ને દેહાશ્રિત કે રાગાશ્રિત મોક્ષમાર્ગ માને છે તેઓએ શુદ્ધ આત્માને

જાણ્યો જ નથી. શુદ્ધ જ્ઞાનનો અનુભવ તે જ એક પરમાર્થ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ સાચો મોક્ષમાર્ગ નથી.

*

[ ૨૪૮૨, શ્રાવણ સુદ ચોથ ]

આત્માનો અનુભવ જ મોક્ષનું કારણ છે, એ સિવાય વ્રતના કે લિંગના વિકલ્પો તે મોક્ષનું કારણ નથી–એ વાત ચાલે છે.

દિગંબરલિંગ તે તો શરીરની દશા છે, ને શરીર તે તો ભવ છે–સંસાર છે; દેહ ધારણ કરવો પડે તે સંસાર છે; તો તે દેહાશ્રિતલિંગ મોક્ષનું કારણ કેમ થાય? અજ્ઞાની તો કહે છે કે આ શરીર તે મોક્ષનું કારણ છે–દિગંબરદશારૂપ લિંગ તે મોક્ષનું કારણ છે. અહીં તો પૂજ્યપાદસ્વામી કહે છે કે દેહ તે તો સંસારનું નિમિત્ત છે, મોક્ષનું કારણ તો આત્મા છે, દેહ કાંઇ મોક્ષનું કારણ નથી. શરીર તો ભવની મૂર્તિ છે, દેહનું લક્ષ તો મોક્ષ જતાં રોકે છે.

અજ્ઞાની કહે છે કે દેહ નિમિત્ત તો છે ને?–તો અહીં કહે છે કે હા, દેહ નિમિત્ત છે –પણ કોનું? કે સંસારનું. શરીરની દશા મને મોક્ષનું કારણ થશે એમ જે માને છે તે જીવ સંસારથી છૂટતો નથી. અહીં તો ‘દેહ તે તો ભવ છે,–શરીર જ આત્માનો સંસાર છે’ એમ કહીને આચાર્યદેવ દેહને મોક્ષના નિમિત્તપણામાંથી પણ કાઢી નાંખે છે, દેહ તો સંસારનું જ નિમિત્ત છે. કેમકે જે અજ્ઞાની જીવ દેહની ક્રિયાને પોતાની માને છે તેને તો દેહ ઉપરની દ્રષ્ટિથી સંસાર જ થાય છે, તેથી તેને તો શરીર તે સંસારનું જ નિમિત્ત થયું, મોક્ષનું નિમિત્ત તેને ન થયું. દેહથી ભિન્ન આત્માના ચિદાનંદ સ્વભાવને જાણીને, તેમાં એકાગ્રતાવડે જેઓ રત્નત્રયને આરાધે છે તેઓ જ મુક્તિ પામે છે. અને તેમને માટે શરીરને મોક્ષનું નિમિત્ત કહેવાય. જુઓ ખુબી! દેહનું લક્ષ છોડીને આત્માને મોક્ષનું સાધન બનાવે તેને દેહ મોક્ષનું નિમિત્ત કહેવાય, અને દેહને જ જે મોક્ષનું સાધન માનીને અટકે છે તેને તો દેહ સંસારનું નિમિત્ત છે.

મુનિદશામાં દિગંબરદશારૂપ લિંગ જ નિમિત્તપણે હોય ને વસ્ત્રાદિ ન હોય–એવો નિયમ છે, છતાં તે નિમિત્ત જ મોક્ષનું કારણ થશે–એમ માનનાર મિથ્યાદ્રષ્ટિને તો તે શરીરના આશ્રયે સંસાર જ થાય છે. અજ્ઞાની કહે છે કે શરીરથી મોક્ષ થાય! અહીં કહે છે કે શરીર તે જ ભવ છે–સંસાર છે. જેને જ્ઞાનાનંદ ચૈતન્યતત્ત્વનું ભાન નથી ને દેહના લક્ષે રોકાયા છે તેઓ સંસારમાં જ રખડે છે. વ્રતના વિકલ્પો મોક્ષનું કારણ નથી, ને શરીરનો દિગંબરભેખ તે પણ મોક્ષનું કારણ નથી.

**પ્રશ્નઃ**- તો પછી મુનિદશામાં વસ્ત્ર હોય તો વાંધો નહિ ને?

**ઉત્તરઃ**- મુનિદશામાં વસ્ત્રાદિ માને તેને તો નિમિત્તની પણ ખબર નથી, તેને તો મોટી ભૂલ છે. મુનિદશામાં દિગંબર શરીર જ નિમિત્તપણે હોય છે.-પરંતુ જેઓ તે દિગંબરલિંગને મોક્ષનું કારણ માને છે તેઓ પણ નિમિત્તાધીન દ્રષ્ટિને લીધે સંસારમાં જ રખડે છે.

દેહદ્રષ્ટિથી તો સંસાર જ છે; દેહદ્રષ્ટિવાળાને મુક્તિ થતી નથી અને જેઓ દેહની દશાને મોક્ષનું કારણ માને છે તેઓ દેહદ્રષ્ટિવાળા જ છે. દેહને મોક્ષનું કારણ માનનારા સંસારના જ આગ્રહી છે; નિમિત્તના આશ્રયે મુક્તિ માનનારા નિમિત્તના આગ્રહી છે, ને નિમિત્તના આગ્રહી તે સંસારના જ આગ્રહી છે. દેહ તે મોક્ષનું કારણ છે-એવો મિથ્યા આગ્રહ છોડીને, ચૈતન્યસ્વરૂપને શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા વડે જેઓ આરાધે છે તેઓ જ મુક્તિ પામે છે. અર્હંત ભગવંતો પણ દેહાશ્રિત લિંગનો વિકલ્પ છોડીને, રત્નત્રયની આરાધના વડે જ મુક્તિ પામ્યા છે; માટે તે જ મુક્તિનો માર્ગ છે, લિંગ તે મુક્તિનો માર્ગ નથી-એમ નિઃશંક જાણવું. ।। ૮૭।।

હવે લિંગની જેમ ઉત્તમ જાતિ કે કૂળ તે પણ દેહાશ્રિત છે, તે મોક્ષનું કારણ નથી; તેથી, 'અમે બ્રાહ્મણ, અમે ક્ષત્રિય, અમે વૈશ્ય,-અમારું ઉત્તમકુળ ને ઉત્તમ જાતિ છે તે જ મોક્ષનું કારણ છે'-એમ જેઓ માને છે તેઓ પણ મુક્તિ પામતા નથી એમ આચાર્યદેવ કહે છે-

जातिर्देहाश्रिता द्दष्टा देह एवात्मनो भव।
न मुच्यते भवात्तस्मात्ते ये जातिकृताग्रहा।।८८।।

જાતિ તો શરીરાશ્રિત છે, તે જાતિને જ આત્માનું સ્વરૂપ જે માને છે તે દેહને જ આત્મા માને છે, એટલે 'હું વાણિયો છું, હું ક્ષત્રિય છું'-એમ તેને જાતિકૃત આગ્રહ છે, તે જીવ પણ ભવથી છૂટતો નથી. દેહ સાથે એકત્વબુદ્ધિ રાખે તે જીવ દેહના સંયોગથી કેમ છૂટે ? ભાઈ ! વાણિયો કે બ્રાહ્મણ વગેરે જાતિ તે તારી ખરી જાત નથી, તારી ખરી જાત તો ચૈતન્યજાત છે, ચેતના જ તારું ખરું સ્વરૂપ છે; તારી ચૈતન્ય જાતને ઓળખ તો તારી મુક્તિ થાય.

ધર્મી જાણે છે કે અમે તો દેહથી ભિન્ન આત્મા છીએ, ચૈતન્ય જ અમારી જાતિ છે; ક્ષત્રિય વગેરે જાતિ તો દેહાશ્રિત છે. દેહની જાતિ તે અમે નથી. ચૈતન્ય જ અમારી ઉત્તમ જાતિ છે, ને તેની આરાધના કરવી તે જ અમારી ઉત્તમ કુળપરંપરા છે.-આવા ભાનપૂર્વક જાતિ અને કુળના વિકલ્પો છોડીને ધર્માત્મા પોતાના ચૈતન્યસ્વરૂપની આરાધનાથી મુક્તિ પામે છે.

જુઓ, શરીરની ઉત્તમ જાતિ કે કુળ તે મોક્ષનું કારણ નથી-એમ અહીં કહ્યું, તેથી 'ગમે તે જાતિ હોય-ચાંડાળ કુળમાં જન્મ્યો

હોય તોપણ મુક્તિ થઈ શકે’–એમ જો કોઈ માને તો તેને પણ તત્ત્વની ખબર નથી; મોક્ષ પામનારને નિમિત્તની યોગ્યતા કેવી હોય તેની તેને ખબર નથી. જેમ–શરીરની દિગંબરદશા તે મોક્ષનું કારણ ન હોવા છતાં, મોક્ષ પામનારને નિમિત્ત તરીકે તો દિગંબરદશા જ હોય છે, બીજી દશા હોતી નથી, એ નિયમ છે; તેમ શરીરની જાતિ તે મુક્તિનું કારણ ન હોવા છતાં, મોક્ષ પામનારને નિમિત્ત તરીકે તો ક્ષત્રિયાદિ ત્રણ જાતિ જ હોય, ચાંડાળજાતિ તે ભવમાં ન જ હોય–એ નિયમ છે.

સ્ત્રી લિંગમાં મોક્ષ ન થાય, પુરુષલિંગ અને ઉત્તમ જાતિમાં જ મોક્ષ થાય–એમ શાસ્ત્રમાં કથન આવે, ત્યાં તે લિંગ અને જાતિને જ આત્માનું સ્વરૂપ માની લ્યે કે તેને જ મોક્ષનું ખરું સાધન માની લ્યે, ને તેનાથી ભિન્ન આત્માને તથા શુદ્ધરત્નત્રયરૂપ મોક્ષસાધનને ન ઓળખે–તો તે જીવ દેહબુદ્ધિવાળો છે, તે મોક્ષ પામતો નથી–ભલે તે ઉત્તમ કૂળમાં જન્મ્યો હોય ને પુરુષ હોય. ઉત્તમ એવા ચૈતન્યકૂળને ન જાણ્યું તો શરીરનું કૂળ શું કરે ? માટે દેહથી ને રાગથી ભિન્ન એવી તારી ચૈતન્યજાતિને જાણ. ।। ૮૮।।

卐 卐 卐 卐 卐

## સ્વાનુભૂતિને માટે –

જીવને શુદ્ધાત્માના ચિન્તનનો રસ હોવો જોઈએ. જેને ચૈતન્યના સ્વાનુભવનો રસ ચડે તેને સંસારનો રસ ઊતરી જાય. ભાઈ, અશુભ ને શુભ બંનેથી તું દૂર થા ત્યારે શુદ્ધાત્માનું ચિંતન થશે. હજી તો જેને પાપના તીવ્ર કષાયોથી પણ નિવૃત્તિ ન હોય, દેવ–ગુરુની ભક્તિ, ધર્માત્માનો આદર, સાધર્મી પ્રત્યે પ્રેમ–એવા શુભ પરિણામની ભૂમિકામાં પણ જે ન આવ્યો હોય, તે અકષાય ચૈતન્યનું નિર્વિકલ્પ ધ્યાન ક્યાંથી કરશે ? પરિણામને અત્યંત શાન્ત કર્યા વગર અનુભવ કરવા માંગે તે થઈ શકે નહિ.

– * –

## નાનકડા બાળકોની કલમે— ('પત્રયોજના' ના પત્રો)

'ધાર્મિક દ્રષ્ટિએ તમે ઉનાળાની રજાઓનો શું સદુપયોગ કર્યો' તે સંબંધી બાલવિભાગના સભ્ય–મિત્ર ઉપર પત્ર લખવાની જે યોજના રજુ કરેલ તેમાં પચાસ જેટલા સભ્યોએ ઉત્સાહથી ભાગ લીધો છે. તેમાંના કેટલાક પત્રો ગતાંકમાં રજુ થયેલા, બાકીના આ અંકમાં આપીએ છીએ. બાળકોના જીવનમાં ધાર્મિક ઉત્સાહની પ્રેરણા આપવામાં આવે તો તે કેવું સુંદર કામ કરે છે તે આમાં દેખાઈ આવે છે. બંધુઓ, તમારા ભાઈ–બહેનોએ તમારા જ ઉપર આ પત્ર લખ્યો છે એમ સમજીને ઉત્સાહથી વાંચજો ને તેમાંથી ઉત્તમ પ્રેરણા મેળવજો. બાલવિભાગના સભ્યો એકબીજાને મળો ત્યારે સગા ભાઈ–બહેન જેવા હેતથી મળજો. (–સં.)

*** રાજકોટથી સભ્ય નં. ૧ નૈનાબેન બાલવિભાગની સખી ઉપર લખે છે કે -**
- રજાઓમાં ગુરુદેવે રાજકોટ ૨૦ દિવસ રહીને મહાન ઉપકાર કર્યો છે. ગુરુદેવના સત્સંગનો જોગ મળ્યો તેથી આ ભવ હવે ભવના અભાવ માટે છે. ગુરુદેવે આપણને જે માર્ગ બતાવ્યો તે માર્ગે આગળ ચાલતાં ભવનો અભાવ થાય છે. વેકેશનમાં રોજ સવારે ભગવાનની પૂજા કરતા, પછી પ્રવચન સાંભળતા, ને મનમાં ધારીને મનન કરતા. ઘરે શાસ્ત્રવાંચન કરું છું; વાંચતાં પહેલાં ગુરુદેવના ફોટા સમક્ષ મંગલાચરણ કરું છું. ગુરુગમ વિના આગમજ્ઞાન થતું નથી; પણ હવે તો સત્ સમજાવનાર ગુરુ મળ્યા. એમની વાણી સત્ છે; શુદ્ધાત્મસ્વરૂપને સ્વાનુભવગમ્ય કરાવનારી છે; સર્વજ્ઞસ્વભાવને સ્પર્શીને આવે છે. જે વાણી વડે આત્મા અને મોક્ષમાર્ગ સમજાય છે તે વાણીને સાચા મોતીએ વધાવજો...ને સમજવાનો પ્રયત્ન કરજો.

બીજું મારી બેનના જન્મદિવસે અમને પૂ. બેનશ્રી–બેનનો ફોટો ભેટ મળ્યો, તે જોઈને અમે ઘણા ખુશી થયા. અમારા ઘરમાં જે ફોટાની ખામી હતી તે પ્રાપ્ત થતાં અમારા અંતરના આનંદ ઉલ્લાસની શું વાત કરું! અમે દરરોજ સવારે વંદન કરીએ છીએ. —जयजिनेन्द्र

*** સભ્ય** No. 215 **ખેરાગઢથી લખે છે કે**—મેં ગુરુદેવ સાથે તથા ભગવતી માતાઓ સાથે શાશ્વત તીર્થધામની ને બીજા અનેક તીર્થોની ભાવપૂર્વક યાત્રા કરી ને ઘણો આનંદ થયો. તથા આત્માનુશાસનની સ્વાધ્યાય કરી. No. 318 લખે છે– રજાઓમાં જૈન બાળપોથી અને સિદ્ધાંત પ્રવેશીકા તથા બીજા ધાર્મિક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. રોજ જિનમંદિરમાં જઈએ છીએ...ગુરુદેવના અપૂર્વ પ્રવચનને યાદ કરીએ છીએ.

—जय जनेन्द्र

*** રાજકોટથી ચંદ્રાબેન જૈન** (No. 2) **બાલવિભાગની બેનપણી ઉપર લખે છે કે**–આ વેકેશનમાં ગુરુદેવે ૨૨ દિવસ રાજકોટ રહીને અમારા ઉપર ઉપકાર કર્યો છે; અમૃતવાણીનો વરસાદ વરસાવીને સત્ય સ્વરૂપ સમજાવ્યું.

૧ પહેલાં શરીરને આત્મા માનતા,

૨ પુણ્યને ધર્મ માનતા,

૩ શરીરની ક્રિયા આત્મા કરે એમ માનતા,

૪ પદાર્થોના પરિણમનને સ્વતંત્ર નહોતા માનતા; તેને બદલે ગુરુદેવે–

૧ શરીર અને આત્મા ભિન્ન સમજાવ્યા.

૨ પુણ્ય કરતાં ધર્મ જુદો છે એમ સમજાવ્યું.

૩ શરીરની ક્રિયા આત્મા ન કરે એમ બતાવ્યું. અને

૪ પદાર્થોના પરિણમનની સ્વતંત્રતા સમજાવી.

આથી અમારા વિચારો બદલાઈ ગયા ને હૃદયમાં ફેરફાર થયો.–

**તું નહીં કોઈનો કોઈ નહીં તારું,**
**પલ-ઘડી આતમ વિસરીશ મા.**

આવા ગુરુનો ઉપદેશ સૂણીને સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કરીએ–એ જ અભિલાષા છે. દેવ–ગુરુના પ્રતાપે સુખનો સૂરજ ઉગ્યો છે તેનો હર્ષ વ્યક્ત કરતાં ચંદ્રાબેને એક જોડકણું–કાવ્ય પણ લખી મોકલ્યું છે.–"સુખનો સૂરજ ઉગીયો" તે પણ આ અંકમાં ૧૬મા પાને આપ્યું છે.

*** અમદાવાદથી નિખીલેશ જૈન** (No. 80) **બાલમિત્રોને લખે છે કે–** રજાઓમાં ગોવા–રત્નાગિરિ–પૂના થઈને મુંબઈ આવ્યા; ત્યાં કાલબાદેવી રોડ પર જિનેશ્વરભગવંતોના દર્શન કરવાનો મને લાભ મળ્યો. તથા ઝવેરીબજારમાં ગુરુદેવના હાથથી સીમંધર ભગવાનની જે પ્રતિષ્ઠા થઈ હતી તેનાં પણ દર્શન કર્યા; ભાવવાહી મૂર્તિઓનું મુખારવિંદ જોઈ મને ઘણો આનંદ થયો. દેરાસર ખૂબ સુંદર છે. દાદરમાં પણ જિનમંદિરમાં સમવસરણ બનાવ્યું છે ને તે સોનગઢના જેવું જ છે–એમ સાંભળ્યું છે. તેનાં દર્શન કરવા જવું હતું પણ દૂર હોવાથી જઈ ન શક્યો. પણ હવે મુંબઈ જઈશ ત્યારે તેનાં દર્શન કર્યા વગર નહીં રહું. —जयजिनेन्द्र

*** અંકલેશ્વરથી નિરૂપાબેન જૈન લખે છે કે**–વેકેશનમાં ધાર્મિક પુસ્તકો વાંચ્યા. મેટ્રીક ભણું છું. આદિપુરાણ બહુ ગમ્યું. મહાવીરચારિત્ર અને જૈન બાળપોથી પણ વાંચ્યા. અમારા ઘરની પાસે પાર્શ્વનાથ પ્રભુનું મંદિર છે ત્યાં રોજ વાંચન થાય છે, હું ક્યારેક વાંચનમાં જાઉં છું. ષટ્ખંડાગમ અમારા ગામમાં થયા હતા ને તેનો મોટો ઉત્સવ (શ્રુતપંચમીનો ઉત્સાહ) અમારા અંકલેશ્વરમાં જ થયો હતો. અમારા ગામની બાજુમાં 'સજોદ' ગામ છે, ત્યાં શીતલનાથ પ્રભુના

ઘણા પ્રાચીન અને ધ્યાનપ્રેરક અદ્ભુત પ્રતિમા છે. ગુરુદેવને તે બહુ ગમ્યા છે. બંધુઓ, તમે આ બાજુ આવો ત્યારે જરૂર એનાં દર્શન કરજો ને મારા ગામ પણ આવજો.

*** જેતપુરથી મુકેશકુમાર જૈન** (No. 185) **બાલવિભાગના મિત્રોને લખે છે કે** –પ્રિય બંધુઓ, તમે વેકેશન સુંદર રીતે વીતાવ્યું તે સંબંધી તમારા પત્રો આત્મધર્મના ગતાંકમાં વાંચીને ઘણો આનંદ થાય છે. તે બદલ સૌને અભિનંદન! મેં પણ વેકેશનમાં આત્મસિદ્ધિ, 'શ્રીમદ્ રાજચંદ્ર', તથા ઋષભદેવના દસ અવતાર વગેરે પુસ્તકો વાંચીને તેમાંથી જ્ઞાન મેળવ્યું. 'આત્મધર્મ' તો વાંચવાનું હોય જ બંધુઓ, "તમારા પત્રમાં તમે વેકેશનમાં જે જુદા જુદા ગામો ને જોવાલાયક સ્થળો જોયા તેનું વર્ણન લખ્યું નથી–તો તે બરાબર છે?" (જી હા! ભાઈશ્રી, આપણે ધાર્મિક દ્રષ્ટિએ શું કર્યું–તેને જ લગતા પત્રો લખવાનું સૂચવ્યું છે. શહેરો અને જોવાલાયક સ્થળોના વર્ણનની આપણે શી જરૂર છે? એટલે કદાચ કોઈએ તે લખ્યું હોય તો પણ તે ભાગ કાઢી નાંખેલ છે. હા, તીર્થસ્થળોનું વર્ણન હોય તો ઉપયોગી ગણાય.–સં.) આગળ જતાં પત્રલેખક ભાઈ લખે છે કે– બાળકોના જીવનમાં અત્યારથી જ જે પ્રેમ અને લાગણી જાગ્યા છે તે દેખીને અત્યંત આનંદ ઉપજે છે. રજાઓમાં બાલમિત્રોએ રાજકોટ જઈને ધાર્મિક અભ્યાસ કર્યો તેનું વર્ણન વાંચીને ઘણો આનંદ થયો. આ બધો પ્રતાપ ગુરુદેવનો જ છે. ગુરુદેવ આપણને મોક્ષપ્રાપ્તિનો માર્ગ બતાવે છે. તેમજ આપણા આત્મધર્મનો બાલવિભાગ આપણા જેવા હજારો બાળકોમાં બચપણથી જ ધર્મના સંસ્કારો રેડવા જે અથાગ પ્રયત્નો કરે છે તેનો પણ આપણે સૌ આભાર માનીએ. ગુરુદેવનો ફોટો તથા ધાર્મિક પુસ્તકો વગેરે મળતાં આપણો ઉત્સાહ વધે છે ને આનંદ થાય છે. આ 'પત્રલેખન–યોજના' પણ આનંદકારી છે ને ધર્મનો ઉત્સાહ આપે છે.–બંધુઓ, ફરીને પણ આવા પત્રદ્વારા કોઈવાર મળીશું. –जयजिनेन्द्र

*** પ્રાંતિજથી વસંતકુમાર જૈન** (No. 1003) **લખે છે કે**–અમે ઉનાળાની રજાઓનો સદુપયોગ કર્યો છે. અમારા અલુવા ગામમાં ભગવાનની પ્રતિષ્ઠાનો પંચકલ્યાણક મહોત્સવ હતો, તેમાં અમે ઘણા આનંદથી ભાગ લીધો. બે હાથી આવેલા, ને રોજ સાબરમતી નદી સુધી વરઘોડો જતો. પૂજા વગેરે દરેક કાર્યોમાં અમે ભાગ લેતા. ઋષભદેવ પ્રભુના જન્મકલ્યાણક વગેરેનાં દ્રશ્યો જોઈ આનંદ થતો. અમે પણ મેરુ ઉપર જઈ ભગવાનનો અભિષેક કર્યો હતો. પ્રભુજીને પધરાવ્યા પછી ઝગઝગાટ કરતું મંદિર બહુ શોભતું હતું. આ રીતે ઉત્સવમાં ભાગ લઈને અમે અમારી ધાર્મિક ભાવનામાં વધારો કર્યો. –जयजिनेन्द्र

**સાંગલી (મહારાષ્ટ્ર) થી આશાકુમારી જૈન** (No. 138) **લખે છે કે**– મહારાષ્ટ્રમાં આવ્યા ને અમને ૧૮ વર્ષ થયા. પહેલેથી જ ભગવાનની પૂજા–ભક્તિ કરવાની ટેવ છે. અહીં મુમુક્ષુમાં અમારું એક જ ઘર છે, તેથી 'આત્મધર્મ' અને બીજા ધર્મપુસ્તકો વાંચીને શક્તિ અનુસાર ગ્રહણ કરું છું. ઘણા વખતથી ગુરુદેવની જન્મજયંતિ જોવાની ઇચ્છા હતી; તે આ વખતે રજાઓમાં પૂરી થઈ. ગુરુદેવની જન્મજયંતી મારી જન્મભૂમિ (બોટાદ) માં જ ઉજવવાનું આત્મધર્મમાં વાંચીને ઘણો ઉલ્લાસ થયેલો ને રજામાં અમે બોટાદ આવીને ખૂબ જ લાભ લીધો. આવો આનંદ

અમે ક્યારેય નહોતો અનુભવ્યો. ગુરુદેવના આત્મભાવના-ભરપૂર પ્રવચનો સાથે આત્માને ઓળખવાની વાતો અમને બહુ ગમી. આ રીતે રજાનો ઉપયોગ કર્યો. —जय जिनेन्द्र

* **રાજેશ જૈન** (No. 206) **અમદાવાદથી લખે છે કે**—રજામાં મારો મિત્ર મહાબળેશ્વર ગયો હતો પણ હું તો બોટાદ ગુરુદેવના જન્મોત્સવમાં ગયો હતો. મહાબળેશ્વરમાં ફરવા કરતાં જન્મદિવસની રથયાત્રામાં મને અનેરો આનંદ પ્રાપ્ત થયો. ગુરુદેવશ્રીના તેમજ ભગવતી માતાઓના દર્શનનો ને મુમુક્ષુઓના સત્સમાગમનો લાભ મળ્યો. પછી અમદાવાદ આવીને મેં આત્મસિદ્ધિની ગાથાઓ, બહુ પુણ્ય કેરા પુંજથી વગેરે કાવ્યો મોઢે કર્યા. હંમેશ દર્શન કરવા તથા શાસ્ત્રવાંચનમાં જતો. મેં રોજ દર્શન કરવાની અને ધાર્મિક વાંચન કરવાની પ્રતિજ્ઞા લીધી. હવે પર્યુષણમાં જરૂર સોનગઢ જઈશું. —जय जिनेन्द्र

**દિલ્હીથી દીપક જૈન** (No. 117) **લખે છે કે**—રજાઓમાં રાજકોટ જઈને ગુરુદેવની અમૃત વાણી સાંભળી; શિક્ષણવર્ગમાં પણ ભણ્યો; કલાસમાં બહુ મજા પડી. દ્રવ્ય સંગ્રહમાંથી નવઅધિકાર સરસ રીતે સમજાવતા હતા. બપોરે ગરમી ખૂબ પડતી, છતાં પ્રવચનમાં માણસો ખૂબ આવતા. અમે સવાર-બપોર-રાતે ત્રણે વખત લાભ લેતા. ત્યાર પછી ૮ દિવસ સોનગઢ પણ જઈ આવ્યા. ગુરુદેવ અનુભવનું સ્વરૂપ સમજાવતા હતા; તથા પુરુષાર્થ સિદ્ધિઉપાયમાંથી હિંસા-અહિંસાનું સાચું સ્વરૂપ સમજાવતા હતા;-રાગદ્વેષની ઉત્પત્તિ થવી તે હિંસા; અને રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થવી તે અહિંસા. સમયસારના પુણ્ય-પાપ અધિકારમાં વારંવાર સમજાવતા હતા કે પુણ્યથી મુક્તિ છે જ નહિ; શુભભાવ વચ્ચે આવે પણ તે હેય છે; શુદ્ધાત્મા જ ગ્રહણ કરવા જેવો છે. પુણ્ય અને પાપ બંને ખરેખર એક જાતિના (વિભાવ) છે.

સોનગઢનું તો વાતાવરણ જોઈને મન શાન્ત થઈ જાય છે; ગુરુદેવની સરસ વાતો સાંભળતાં એમ જ થતું કે અહીં જ રહી જઈએ. ગુરુદેવના સત્સંગમાં આટલા દિવસ રહેવાનો આવો સરસ કાર્યક્રમ તો કોઈ ફેરે નહોતો બન્યો.-આ રીતે વેકેશનમાં આનંદથી લાભ લીધો.

— जयजिनेन्द्र

**અમદાવાદથી નવનીત જૈન** (No. 883) **લખે છે કે**—પરીક્ષા પછીની રજામાં શાંતિ માટે પાવાગઢની યાત્રા કરીને પછી ગુરુદેવનો જન્મોત્સવ ઉજવવા બોટાદ ગયો. રજાઓનો ઉપયોગ આપણા જીવનવિકાસ માટે કરવો જોઈએ. પાવાગઢના કુદરતી સૌંદર્યમાં આપણા વીતરાગી જિનમંદિરો અનેરી વૃદ્ધિ કરે છે. (ત્યાંથી રામચંદ્રજીના પુત્રો લવ-કુશ વગેરે પાંચ કરોડ મુનિવરો મોક્ષ પામ્યા છે. વડોદરાથી નજીક છે.) ત્યાંના રમ્ય વાતાવરણમાં અલૌકિક શાંતિનો સન્દેશ મળતો હોય તેવું લાગ્યું; જગતનો વ્યવહાર ત્યાં યાદ આવતો ન હતો. ત્યાંથી જન્મજયંતીમાં બોટાદ આવ્યા, ને ગુરુદેવના વચનામૃતનો લાભ લીધો. ખરેખર, આવા પંચમકાળમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ આપણને મળ્યો છે તે અહોભાગ્યની નિશાની છે. ગુરુદેવના પ્રવચનની ઝલક નવી ચેતના જાગૃત કરતી હતી. અને—

"બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો."

–એ કડી જ્યારે ગુરુદેવ બોલતા ત્યારે આ મોંઘા માનવજીવનનાં સાચા મૂલ્યો સમજાતા. આમ મારા જન્મસ્થાન (બોટાદ) માં મારા રજાના દિવસો આનંદથી પસાર થઈ ગયા.–जयजिनेन्द्र

*** વિનયચંદ્ર જૈન** (No. 885) **પણ અમદાવાદથી લખે છે કે**–રજાઓમાં બોટાદમાં ગુરુદેવની જન્મજયંતી ઉજવી. મારું જન્મસ્થાન બોટાદ હોવાથી હું ત્યાં આઠ દિવસ અગાઉ ગયો હતો ને ઉત્સવની તૈયારીમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. બોટાદમાં ચારેકોર આનંદ ને ઉત્સાહનું સામ્રાજ્ય હતું, ને ગુરુદેવના પ્રતાપે તેમાં નવી ચેતના પ્રગટી હતી. આઠ દિવસ માટે તો બોટાદ જાણે ધર્મનગરી બની ગયું હતું. ગુરુદેવના પ્રવચનો કાયરને પણ નવી ચેતના આપી શૂરવીરતા પ્રગટાવતા. ભારતભરમાંથી ગામેગામના મુમુક્ષુઓ આવ્યા હતા. આ પ્રસંગ જોઈને એમ થતું કે–

"એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા."

–એવા કાળમાં ગુરુદેવનો અવતાર થયો ને આપણને સત્ય ધર્મ દેખાડયો. એવા ગુરુદેવની જન્મજયંતિ આનંદથી ઉજવી. –जयजिनेन्द्र

*** રાજકોટથી મુકેશભાઈ (સ. નં. ૧૭૬૫) બાલવિભાગના સભ્યને લખે છે**– પ્રિય ધર્મબંધુ! આ વર્ષે રજાના દિવસો ઘણા આનંદથી પસાર થઈ રહ્યા છે...કેમકે પૂ. ગુરુદેવ અત્રે રાજકોટમાં બિરાજી રહ્યા છે તેથી હર્ષનો પાર નથી. તેમની અમૃતવાણીનો સવાર–બપોર ને રાત્રે આનંદથી લાભ લઈએ છીએ. બે વખત શિક્ષણવર્ગ પણ ચાલે છે. સવારમાં ભગવાનના દર્શન–પૂજા કરીને ગુરુદેવની વાણીનો લાભ લઈએ છીએ. આખો દિવસ આનંદથી પસાર થઈ જાય છે. શિક્ષણવર્ગમાં આપણા બાલવિભાગના ઘણાય મિત્રો આવ્યા છે, તેમને મળીને પણ આનંદ થાય છે. ભાઈ, તું પણ અનુકૂળતા મેળવીને જરૂર અહીં આવજે. સાથે તારા કુટુંબીજનોને પણ તેડી લાવજે. તને મળીને મને પણ આનંદ થશે. અહીંનું જિનમંદિર ઘણું ભવ્ય અને જોવાલાયક છે. મૂળનાયક સીમંધરભગવાનના દર્શન કરતાં અનેરો આનંદ થાય છે. માનસ્તંભ તેમજ જિનેન્દ્રભગવાનની ધર્મસભા (સમવસરણ) ની પણ ભવ્ય રચના છે,–જેનાં દર્શનથી આનંદ થાય છે. તો જરૂર આવજે. –जयजिनेन्द्र

*** જસદણના કિશોર જૈન (નં. ૮૯૦) લખે છે**–પ્રિય મિત્રો, અમારે ત્યાં વર્દ્ધમાન ભગવાનનું મંદિર બંધાયું ને ગુરુદેવના પ્રભાવથી પ્રતિષ્ઠા ઉત્સવ થયો. રોજ આનંદથી દર્શન કરીએ છીએ. ને આત્મસિદ્ધિ–પ્રવચનો વંચાય છે, તેમાં પણ આનંદ થાય છે. તમારે ત્યાં પણ જિનમંદિર હશે ને શાસ્ત્રનું વાંચન કરતા હશો. –जयजिनेन्द्र

(બાકીના પત્રો આવતા અંકે)

**જિનવરના સન્તાનો, રાત્રિભોજનનો સદંતર ત્યાગ કરો.**

# પરમ શાંતિ દાતારી અધ્યાત્મ ભાવના

( લેખાંક : ૫૨ )

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

– * –

શાસ્ત્રોમાં મુનિને દિગંબરદશા જ હોવાનું તથા ઊંચી જાતિ અને પુરુષલિંગ જ હોવાનું કહ્યું છે–તે કથન ઉપરથી કોઈ જીવ તે બાહ્યચિહ્નોને જ મોક્ષના કારણ તરીકે માની લ્યે ને અંતરંગના ખરા સાધનને ભૂલી જાય–તો તે પણ પરમ પદને પામતા નથી –એમ હવે ૮૯ મી ગાથામાં કહે છે–

जातिलिंगविकल्पेन येषां च समयाग्रहः।
तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः।।८९।।

આ ગાથાનો કોઈ એવો ઊલટો અર્થ સમજે કે જાતિ–લિંગના ભેદનો આગ્રહ ન કરવો એટલે કે ગમે તે જાતિમાં ને ગમે તે લિંગમાં મોક્ષ માની લેવો,–તો એ અર્થ બરાબર નથી. શાસ્ત્રમાં નિમિત્ત તરીકે જે જાતિ ને લિંગ વગેરે કહ્યાં છે તે જ નિમિત્ત હોય ને વિપરીત ન જ હોય; પણ તે નિમિત્તનો એટલે કે બાહ્ય સાધનનો આગ્રહ ન કરવો પણ અંતરના ખરા સાધનરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને ઓળખીને તેની ઉપાસનામાં તત્પર થવું.

કઈ જાતિમાં ને કયા વેષમાં મોક્ષ હશે એનો નિર્ણય પણ ઘણાને થતો નથી, ને ગમે તેવા કુલિંગમાં પણ મોક્ષ થઈ જવાનું માને છે–તેમને તો સાચા માર્ગની ખબર નથી. મોક્ષનું સાચું સાધન તો રત્નત્રય છે; ને જ્યાં એવા રત્નત્રયરૂપ મોક્ષસાધન હોય ત્યાં બાહ્યસાધન તરીકે ઉત્તમ જાતિ અને દિગંબર પુરુષવેષ એ જ હોય; એ સિવાય બીજું માને તેને તો મોક્ષના બહારના સાધનનીયે ખબર નથી, તો અંતરંગ સાચું સાધન તો એને હોય જ ક્યાંથી?

'જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય'–એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે ને?

એમ કહ્યું છે પણ તેનો અર્થ એમ ન સમજવો કે ગમે તે જાતિમાં ને ગમે તે વેષમાં મુક્તિ થઈ જાય. તેનો ખરો અર્થ તો આમ સમજવો કે જ્યાં યથાર્થ મોક્ષમાર્ગ હોય ત્યાં જાતિ–વેષના ભેદો ન હોય એટલે કે ત્યાં જે હોય તે જ હોય–બીજા ભેદ ન હોય,

અર્થાત્ દિગંબરવેષ અને ત્રણ ઉત્તમ જાતિ એ સિવાય બીજો વેષ કે બીજી જાતિ હોય નહિ. આમ હોવા છતાં જેને એવી માન્યતા છે કે આ લિંગ ને આ જાતિને લીધે જ હવે મારી મુક્તિ થઈ જશે–તેને લિંગ અને જાતિનો આગ્રહ છે. લિંગ અને જાતિ તો શરીરાશ્રિત છે તેનો જેને આગ્રહ ને મમત્વ છે તેને દેહથી ભિન્ન ચૈતન્યજાતિની ખબર નથી, એટલે તે પરમ પદને પામતો નથી.

મુનિદશામાં દિગંબર લિંગ જ હોય, બીજું લિંગ ન જ હોય; તથા ક્ષત્રિય, બ્રાહ્મણ કે વૈશ્ય જાતિ જ હોય, શુદ્ર જાતિ ન હોય–એમ આગમમાં કહ્યું છે, તે તો યથાર્થ જ છે, યથાર્થ નિમિત્ત કેવું હોય તે ત્યાં બતાવ્યું છે.–પરંતુ આગમના તે કથનથી કોઈ અજ્ઞાની એમ માને કે ‘આ લિંગ અને આ જાતિથી જ હવે મુક્તિ થઈ જશે’ તો તેને આગમની ઓથે જાતિ અને લિંગનો જ આગ્રહ છે, તે પણ મુક્તિ પામતા નથી. આ જાતિ અને આ લિંગમાં જ મોક્ષ થાય એમ કહીને શાસ્ત્રોએ તો યથાર્થ નિમિત્ત બતાવ્યું છે, પણ કાંઈ તે જાતિ કે લિંગને જ મોક્ષનું કારણ કહેવાનો શાસ્ત્રનો આશય નથી; છતાં તેને જ જેઓ મોક્ષનું કારણ માને છે તેઓ સંસારમાં જ રખડે છે. મોક્ષનું કારણ તો આત્માના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર જ છે; જેઓ એવા રત્નત્રયને આરાધે છે તેઓ જ મુક્તિ પામે છે. ।। ૮૯।।

[ વીર સં. ૨૪૮૨, શ્રાવણ સુદ છઠ્ઠઃ સમાધિશતક ગા. ૯૦ ]

શરીરની જાતિ કે લિંગ તે મોક્ષનું કારણ નથી–એમ સમજીને શરીરનું મમત્વ છોડીને પરમપદમાં પ્રીતિ જોડવાની છે. જે દેહનું મમત્વ છોડવા માટે, અને જે પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરવા માટે ભોગોથી નિવૃત્તિનો ઉપદેશ છે, તેને જાણ્યા વગર એટલે કે દેહથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ આત્માને જાણ્યા વગર, ભોગાદિને છોડીને પણ અજ્ઞાની જીવ મોહને લીધે તે શરીરમાં જ અનુરાગ કરવા લાગે છે ને બીજા ઉપર એટલે કે પરમાત્મસ્વરૂપ ઉપર દ્વેષ કરે છે.–જેનો ત્યાગ કરવાનો છે તેની તો પ્રીતિ કરે છે ને જેની પ્રાપ્તિ કરવાની છે તેના પર દ્વેષ કરે છે.–એમ હવેની ગાથામાં કહે છેઃ–

यत्त्यागाय निवर्तन्ते भोगेभ्यो यदवाप्तये।
प्रीतिं तत्रैव कुर्वन्ति द्वेषमन्यत्र मोहिनः।।९०।।

અજ્ઞાની જીવ શરીર ઉપરનું મમત્વ છોડવા માટે જે ભોગોને છોડે છે તેમાં જ પાછો અજ્ઞાનથી તે પ્રીતિ કરે છે ને પરમપદ પ્રત્યે અપ્રીતિરૂપ દ્વેષ કરે છે. ઇન્દ્રિયવિષયોને છોડીને અતીન્દ્રિય આત્મસ્વભાવમાં આવવાની તો તેને ખબર નથી એટલે એક પ્રકારના ઇન્દ્રિયવિષયને છોડીને પાછો બીજા પ્રકારના ઇન્દ્રિયવિષયમાં જ તે વર્તે છે, ને અતીન્દ્રિયસ્વભાવ પ્રત્યે અરુચિરૂપ દ્વેષ કરે

છે. એ રીતે મોહી જીવનો ત્યાગ તે ખરો ત્યાગ નથી પણ તે તો રાગદ્વેષગર્ભિત છે.

નિર્મમત્વ ચૈતન્યસ્વભાવની દ્રષ્ટિ વગર દેહાદિનું મમત્વ છૂટે જ નહિ. ચૈતન્યના ભાન વગર દેહનું મમત્વ છોડવા માટે ત્યાગી થાય તોપણ તેને ઇન્દ્રિયોના વિષયોમાં ત્યાગ–ગ્રહણની બુદ્ધિ તો પડી જ છે, અતીન્દ્રિય ચૈતન્યસ્વભાવ તો તેણે લક્ષમાં લીધો નથી. આ બાહ્ય ત્યાગ મને મોક્ષનું કારણ થશે–એમ તેને શરીરની દિગંબરદશા વગેરે ઉપર રાગ છે. એ રીતે જેને આત્માનું ભાન નથી તેને દેહાદિની મમતાનો ખરો ત્યાગ થતો જ નથી. બાહ્ય ભોગોથી નિવૃત્તિ કરીને પરમાત્મપદમાં પ્રીતિ જોડવાની હતી, તેને બદલે શરીરને મોક્ષનું સાધન માન્યું, એટલે શરીરમાં જ તેણે પોતાનું અસ્તિત્વ માનીને તેમાં પ્રીતિ જોડી,. પણ શરીરથી ભિન્ન ચૈતન્યનું અસ્તિત્વ ન જાણ્યું, ને તેમાં પ્રીતિને ન જોડી; એટલે તે મોહી જીવને ત્યાગનો હેતુ સર્યો નહીં. બાહ્યમાં ત્યાગી થઈને પણ જેનો ત્યાગ કરવાનો હતો તેની તો તેણે પ્રીતિ કરી, અને જેની પ્રાપ્તિ કરવાની હતી તેને જાણ્યું નહીં, તેમાં અરુચિરૂપ દ્વેષ કર્યો.

બાહ્ય વિષયભોગો છોડીને વ્રતી થયો, તે વ્રતના પાલનમાં જેને કષ્ટ અને દુઃખ લાગે છે તેના અભિપ્રાયમાં વિષયોમાં સુખબુદ્ધિ પડી છે. ‘હું તો જ્ઞાન જ છું, જ્ઞાનમાં જ મારું અસ્તિત્વ છે, મારા જ્ઞાનસ્વભાવમાં જ મારું સુખ છે ને બાહ્યવિષયોમાં ક્યાંય મારું સુખ નથી’–એવું ભાન કરતાં શરીરાદિમાંથી સુખબુદ્ધિ છૂટી જાય છે. શરીરના સાધન વડે ચારિત્રનું પાલન થશે–એવી જેની બુદ્ધિ છે તેને શરીર ઉપરનું મમત્વ છૂટયું નથી. તેણે વિષયો છોડીને પણ શરીરમાં જ મમત્વબુદ્ધિ કરી છે. જ્યાં અંતરના ચૈતન્યતત્ત્વનું વેદન નથી–આનંદનો અનુભવ નથી ત્યાં કોઈ ને કોઈ પ્રકારે બાહ્યવિષયોમાં મમતા અને સુખબુદ્ધિ જીવને વેદાયા જ કરે છે, એટલે ભોગોથી સાચી નિવૃત્તિ તેને હોતી નથી.

માટે દેહાદિથી ભિન્ન આત્મતત્ત્વને જાણીને તેમાં પ્રીતિ જોડવી. ચૈતન્યમાં પ્રીતિ કરીને તેમાં લીનતા કરતાં બાહ્ય ભોગોથી સહેજે નિવૃત્તિ થઈ જાય છે ને દેહાદિનું ય મમત્વ છૂટી જાય છે. ।। ૯૦।।

જૈનબંધુઓ, હંમેશા

જિનભગવાનનાં દર્શન કરો.

# આત્મ-પ્રકાશ (૨)

પ્રકાશશક્તિને લીધે આત્મા સ્વસંવેદનવડે સ્વયં પ્રકાશે છે, પોતે પોતાની સ્વાનુભૂતિવડે સ્પષ્ટ પ્રકાશે–એવો આત્માનો પ્રકાશસ્વભાવ છે. આવા સ્વભાવને પ્રકાશિત કરનારા જે પ્રવચનો ૪૭ આત્મશક્તિ ઉપર પૂ. ગુરુદેવે કર્યા તે છપાઈ રહ્યા છે; તેમાંથી પ્રકાશશક્તિનો થોડોક નમૂનો આત્મધર્મ અંક ૨૭૯ માં આપ્યો હતો. ત્યાર પછીનો ભાગ અહીં આપીએ છીએ. જે ‘સ્વાનુભવ’ માટે મુમુક્ષુને ઉત્તમ પ્રેરણા આપે છે.

*

જેમ બિલ્લી લોટનજડી નામની વનસ્પતિની આસપાસ ઘૂમ્યા કરે છે, તેમ મોહથી આત્મા નિજવૈભવને ભૂલીને પરદ્રવ્યમાં ઉપયોગને ભમાવ્યા કરે છે,–જાણે કે આમાંથી મને સુખ મળશે! પણ અંદર પોતે પોતાના આત્મવૈભવને જોતો નથી–કે જેમાં પરમ સુખ ભર્યું છે. ભાઈ! અંદર નજર તો કર, તું તો શાશ્વત આનંદનો નિધાન છો; કેવળી પ્રભુની વાણી પણ જેનો મહિમા ગાય, સુધાનો જે અમૃતસાગર, એવો તું; અરે! તારા સુખના દરિયાને ભૂલીને પુણ્ય–પાપના કીચડમાં તું અટકી ગયો? રાગને જ પોતાનું સ્વરૂપ માનીને એનાથી તેં લાભ માન્યો, પણ અનંત ગુણસ્વરૂપ તારા નિજવૈભવને તેં ન જાણ્યો. તારું નિજસ્વરૂપ અનંતગુણનો રસકંદ, જે મનના શુભ વિકલ્પથીયે પાર, તેના ઉપર લક્ષ કર તો તેનો કોઈ અપૂર્વ આનંદ તને તારાથી અનુભવાશે.

પોતે પોતાને જાણવામાં આત્મા સ્વતંત્ર છે, તેમાં કોઈ બીજાનું જરાય અવલંબન નથી. સ્વયં પ્રકાશે ને સ્પષ્ટ પ્રકાશે, એટલે બીજાનું અવલંબન લ્યે નહિ ને અસ્પષ્ટતા રહે નહિ–એવા સ્વસંવેદનસ્વરૂપ આત્મા છે.

સ્પષ્ટ જ્ઞાનવડે આત્મા જણાય છે, એટલે કોઈ એકલા પરોક્ષ જ્ઞાનવડે આત્માને જાણવા માંગે તો તે જાણવામાં આવે નહિ, બીજી રીતે કહીએ તો વ્યવહારના અવલંબને આત્મા જણાય નહિ. સ્વપ્રકાશથી આત્મા પ્રકાશમાન થાય છે એટલે કે અનુભવમાં આવે છે.

આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ ન થઈ શકે–એમ કોઈ માને તો તે વાત સાચી નથી. જ્ઞાનમાં એવી તાકાત છે કે સ્વસંવેદનથી આત્માને પ્રત્યક્ષ કરે.

**પ્રશ્નઃ-** શું મતિ–શ્રુતજ્ઞાનમાં આત્માને પ્રત્યક્ષ કરવાની તાકાત છે?

**ઉત્તરઃ-** હા, સ્વસંવેદનવડે આત્માને પ્રત્યક્ષ કરવાની મતિ–શ્રુતજ્ઞાનમાં પણ તાકાત છે.

આત્માને પ્રત્યક્ષ કરે એવી તાકાત રાગમાં નથી પણ જ્ઞાનમાં એવી તાકાત છે. પોતાના જ્ઞાનમાં પોતાની વસ્તુ ગુપ્ત કેમ રહી શકે? આત્માનો અનુભવ કરવા માટે પહેલાં તે તરફ ઢળીને તેનો નિર્ણય કરવો જોઈએ કે સ્વસંવેદન–પ્રત્યક્ષ થવાનો મારો સ્વભાવ છે; રાગવડે અનુભવમાં આવી શકે–એવો મારો સ્વભાવ નથી. આમ દ્રઢ નિર્ણય કરતાં રાગ તરફનો ઝુકાવ છૂટી જાય ને જ્ઞાનસ્વભાવ તરફ ઝુકાવ થાય; આ રીતે વચ્ચેથી રાગના પડદાને તોડીને આત્મા સ્વાનુભવ કરે છે. સ્વાનુભવમાં જે આત્મા આવ્યો તેની શક્તિઓનું એટલે કે તેના વૈભવનું આ વર્ણન છે.

નિજસ્વરૂપના વૈભવને અનાદિકાળથી જીવે નીહાળ્યો ન હતો; અશુભ ને શુભ વચ્ચે જ ગુલાંટ ખાધા કરી પણ તેનાથી પાર ત્રીજી વસ્તુને કદી વેદી નહિ. તે વસ્તુ અહીં સન્તો બતાવે છે. આત્માનો આનંદ પુણ્ય–પાપ વગરનો છે, તેમાં રાગ–દ્વેષ નથી; આવા આનંદસ્વરૂપ આત્માને સ્વસંવેદનથી જ અનુભવી શકાય છે.

આત્મામાં પોતામાં જે મહા કિંમતી ગુણ છે તેની અજ્ઞાનીને ખબર નથી ને પરની કિંમત કરે છે. બાપુ! તારા અનંતગુણના મહિમાની શી વાત? જેને પોતાના આનંદના અનુભવ માટે ખોરાકની જરૂર નહિ, શરીરની જરૂર નહિ, હવાની કે પાણીની જરૂર નહિ, ને વિકલ્પનીયે જરૂર નહિ, પોતે પોતાથી જ પોતાને પ્રત્યક્ષ અનુભવે ને આનંદને પામે –એવી તાકાતવાળો આત્મા છે. અન્ન કે પાણી, મન કે વાણી એ કોઈની જેમાં જરૂર નહીં એવું સ્વાધીનસુખ આત્મામાં છે.

આત્માની પ્રકાશ શક્તિ સ્વસંવેદનમયી છે, તેના બે વિશેષણ આપ્યા–એક તો સ્વયં પ્રકાશમાન, અને બીજું વિશદ એટલે કે સ્પષ્ટ;–આવા સ્વસંવેદનવાળી પ્રકાશશક્તિ છે. જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં આવી પ્રકાશશક્તિ નિર્મળપણે ખીલવા માંડી, એટલે કે પ્રત્યક્ષ અને રાગ વગરનું એવું સ્વસંવેદન થયું. આવા સ્વસંવેદન વગર સમ્યગ્દર્શન થયું કહેવાય નહીં.

અરે, સંસારમાં લક્ષ્મી માટે જીવો કેટલા દગા–પ્રપંચ ને રાગ–દ્વેષ કરે છે! તેમાં જીવન ગુમાવે છે ને પાપ બાંધે છે. ભાઈ! તારા સ્વઘરની ચૈતન્યલક્ષ્મી મહાન છે, તેની

સંભાળ કર ને! તેમાં ક્યાંય દગા–પ્રપંચ નથી, રાગ–દ્વેષ નથી, કોઈની જરૂર નથી, છતાં તે મહા આનંદરૂપ છે બહારની લક્ષ્મી મળે તોપણ તેમાંથી સુખ મળતું નથી; આ ચૈતન્યલક્ષ્મી પોતે મહા આનંદરૂપ છે, ને સ્વયં પ્રકાશમાન છે. આવો અપાર વૈભવ તારામાં ભર્યો છે તેને તો લક્ષમાં લે. તેમાં ક્યાંય એક વિકલ્પનોય બોજો નથી.

દુનિયાના વૈભવ કરતાં આ વૈભવ જુદી જાતનો છે. આત્મા સ્વશક્તિના વૈભવથી પૂરો છે, એને કોઈ બહારના સાધનની જરૂર નથી. રંક હો કે રાજા, સ્વર્ગમાં કે નરકમાં, ક્યાંય આત્માને પોતાની શાંતિ માટે બહારના આધારની કે બહારના સાધનની જરૂર નથી; અન્ય પદાર્થની અપેક્ષા વગર જ પોતે પોતાનું પ્રત્યક્ષ સંવેદન કરીને પોતાની શાંતિને અનુભવે છે. તે અનુભવને માટે જેમ બહારનું સાધન નથી તેમ બહારની પ્રતિકૂળતા તેમાં નડતી પણ નથી. આવા અનુભવમાં પોતે પોતાને પ્રત્યક્ષ કરે છે–એવો આત્માનો સ્વભાવ છે. સ્વાનુભવમાં પરોક્ષપણું રહે એવો સ્વભાવ નથી. સમ્યગ્દર્શન થાય ત્યાં ( ચોથા અવિરત ગુણસ્થાને પણ ) આત્મા સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થઈ જાય છે. વાહ! પ્રત્યક્ષપણાનો સ્વભાવ છે, પરોક્ષપણું રહે એવો આત્માનો સ્વભાવ નથી. પરોક્ષપણાને પણ જે પોતાનો સ્વભાવ ન માને તે રાગને પોતાનો સ્વભાવ કેમ માને? ને જડને પોતાનું કેમ માને?–ન જ માને; એટલે આ શક્તિના નિર્ણયમાં નિશ્ચયનો આદર ને વ્યવહારનો નિષેધ આવી જ ગયો.

ભાઈ, આવા આત્માના અનુભવનો કાળ તે તારો સુકાળ છે–સ્વકાળ છે, સ્વસમય છે, ને તે જ તારો સ્વભાવ છે. અરે, આવા અનુભવ માટેના પ્રયત્નમાં ને તેની ચર્ચામાં જે સમય વીતે તે પણ સફળ છે. આવો ઉત્તમ અવસર પામીને આ જ કરવા જેવું છે. ભવ તો એમ એમ ચાલ્યો જ જાય છે, તેમાં આ કરી લેવા જેવું છે. પરોક્ષપણામાં સમાઈ જાય એવો આત્મા નથી, પ્રત્યક્ષપણામાં જ તે આવે તેવો છે. પ્રત્યક્ષપણું કહ્યું એટલે તેમાં કોઈ આવરણ ન રહ્યું; આવરણવાળો ભાવ તે આત્માનો સ્વભાવ નથી. પ્રકાશશક્તિને લીધે આત્મા એવા સ્પષ્ટ સ્વસંવેદનવાળો છે કે તે સ્વસંવેદનમાં ગુપ્ત ન રહી શકે. ધર્મીના સ્વસંવેદનમાં તે સ્પષ્ટપણે પ્રકાશમાન થાય છે. એકલા પરોક્ષપણાથી કોઈ તેને જાણી લ્યે એવો આત્મા નથી.

અનંત શક્તિસમ્પન્ન ભગવાન આત્મા કર્મના આવરણથી અવરાયો નથી; તેના સ્વભાવને કોઈ આવરણ નથી તેમજ તેનું જે સ્વસંવેદન પ્રગટ્યું તેમાં પણ કોઈ આવરણ નથી. આવા આત્માને સ્વસંવેદનથી પ્રતીતમાં લેવો–તે સુખનો માર્ગ છે. ગગન જેવા

નિરાલંબી આત્મામાં સ્વસંવેદનવડે આનંદનાં ઝરણાં ઝરે છે. ચૈતન્યના આ આનંદપ્રવાહમાં વચ્ચે રાગાદિ મલિનતા નથી. ચૈતન્ય–અમૃતમાં વિકારરૂપી ઝેરનો સ્વાદ કેમ હોય? આવું શુદ્ધસ્વરૂપ ઉપદેશનારા વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્ર તે પૂજ્ય છે, વિનય યોગ્ય છે; પણ તેથી કરીને તેમના તરફના શુભરાગવડે ભગવાન આત્મા પ્રસિદ્ધ થઈ જાય કે સ્વસંવેદનમાં આવી જાય–એવું વસ્તુસ્વરૂપ નથી. રાગની મર્યાદા રાગ જેટલી છે, તેના વડે શુદ્ધ આત્માનું સ્વસંવેદન થઈ જાય–એવી એની મર્યાદા નથી. શુદ્ધ આત્માનું સ્વસંવેદન તો રાગના ને મનના આધાર વગરનું છે. પ્રકાશશક્તિના આધારે તે કાર્ય થાય છે, બીજું કોઈ સાધન તેમાં નથી.

ચૈતન્યમૂર્તિ આત્મા નિરાલંબી છે; તે સ્વશક્તિને જ અવલંબનારો છે ને પરને અવલંબનારો નથી. પ્રકાશશક્તિરૂપ નિજગુણનું કાર્ય તો એ છે કે રાગ વગર સીધું જ્ઞાન પોતે આત્માને વેદે; તે વેદનમાં અનંત ગુણોના સ્વાદનું પ્રત્યક્ષ વેદન સમાય છે, ને અનંત આનંદ પ્રગટે છે. હજી તો આવા ભગવાન આત્માને શ્રદ્ધામાં પણ ન લ્યે; અરે! પ્રેમથી તેનું શ્રવણ પણ ન કરે તેને તેનું પ્રત્યક્ષ સંવેદન તો ક્યાંથી પ્રગટે? સ્વભાવ જેવો છે તેવો પ્રતીતમાં લ્યે તો તેનું સંવેદન પ્રગટે.

અહા, ભરતચક્રવર્તી જેવા મહાપુરુષો ભગવાન પાસે જઈને નમ્રતાપૂર્વક આત્માના સ્વસંવેદનની રીત પૂછતા, ને તે ઝીલીને પોતાના અંતરમાં તેવું સ્વસંવેદન કરતા હતા. તેની આ વાત છે. આ કાળે પણ આત્માનું સ્વસંવેદન થઈ શકે છે. આવું સંવેદન કેમ થાય એટલે કે સમ્યગ્દર્શન કેમ થાય તેની આ વાત છે. જ્ઞાનને અંતર્મુખ કરીને આત્માનું પ્રત્યક્ષ વેદન કરતાં સમ્યગ્દર્શન પ્રગટે છે, એના સિવાય બીજા ઉપાયથી સમ્યગ્દર્શન થતું નથી. આવા સત્ આત્માનો મહિમા આવે, તેની પ્રતીત થાય ને તેનું વેદન થાય–તે અપૂર્વ છે, તે મંગળ છે, તે ધર્મ છે ને તે મોક્ષનો માર્ગ છે. ચોથા ગુણસ્થાનથી જ અંશે પ્રત્યક્ષ સ્વાનુભવ થઈ જાય છે, ને નિઃશંક પ્રતીત થાય છે કે મારો આત્મા સંપૂર્ણ પ્રત્યક્ષ સ્વસંવેદન સ્વભાવવાળો જ છે, જરાપણ પરોક્ષપણું રહે તે મારો સ્વભાવ નહીં. આવી પ્રતીતવડે ધર્મીજીવે અનંતધર્મવાળા પોતાના શુદ્ધઆત્મામાં અવિચલદ્રષ્ટિ સ્થાપી છે.

આ આત્મા ચૈતન્યહીરો વજ્ર જેવો છે, પરભાવનો એક કણ પણ તેમાં પ્રવેશી

શકે નહિ. અહા, આવો ચૈતન્યહીરો મહા દુર્લભ છે, ક્યારેક કોઈક વિરલાને તે પ્રાપ્ત થાય છે. આવા ચૈતન્યહીરાની કિંમત સમજે તો જગતના પદાર્થોનો મહિમા છૂટી જાય, ને તે નિજતત્ત્વના મહિમાપૂર્વક અંતર્મુખ થઈને સ્વાનુભવ કરે, એટલે સમ્યગ્દર્શનાદિ થાય. સમ્યગ્દર્શનની સાથે બધા ગુણોમાં અંશે શુદ્ધતા થાય છે, તેથી 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે.

આત્માના બધા ગુણો એકસાથે પરિણમી રહ્યા છે, એટલે એક ગુણમાં શુદ્ધતા થતાં બધા ગુણોમાં શુદ્ધતાનો અંશ શરૂ થઈ જાય છે. આત્માના અનંત ગુણોનું પરિણમન એકસાથે છે પણ કથનમાં તે એકસાથે આવી શકતા નથી; કથન ક્રમેક્રમે થાય છે, અને તે કથનમાં પણ અમુક જ ગુણો આવી શકે છે, બધા ગુણો આવી શકતા નથી. કેમકે શબ્દો મર્યાદિત છે, ને ગુણો અમર્યાદિત અનંત છે. ૩૩ સાગરોપમના અસંખ્યાતા વર્ષો સુધી સર્વાર્થસિદ્ધિના બધા દેવો આત્મગુણોનું કથન કરે તોપણ અનંતમા ભાગના ગુણોનું જ કથન થઈ શકે છે; અનંતગુણોનું વર્ણન શબ્દોથી પૂરું થઈ શકે નહીં, અનુભવમાં પૂરું આવે. અનંતશક્તિસંપન્ન આત્મા વચનનો કે વિકલ્પનો વિષય નથી, એ તો અંતર્મુખ જ્ઞાનનો વિષય છે.

શક્તિ એટલે વસ્તુનો સ્વભાવ, અથવા ગુણ, અથવા ધર્મ; એકેક આત્મામાં જ્ઞાનાદિ અનંતગુણો છે; ગુણોનો પૂંજ એટલે કે સર્વગુણોનો એકરસ પીંડલો તે આત્મા છે; સંખ્યાથી ને સામર્થ્યથી બંને રીતે અમાપ શક્તિનો સમુદ્ર આત્મા છે. વિકલ્પમાં ભિન્ન ભિન્ન અનંતશક્તિઓ ન આવી શકે, અભેદ અનુભવમાં બધી શક્તિઓ એકસાથે આવી જાય. આ જ્ઞાન, આ સુખ, આ પ્રભુતા, આ પ્રકાશશક્તિ –એમ ભેદ પાડીને અનંત શક્તિને જાણવા માંગે તો છદ્મસ્થ જાણી ન શકે; કેમકે એક શક્તિને વિચારમાં લેતાં અસંખ્ય સમય લાગે ને અનંત શક્તિને વિચારમાં લઈને જાણતાં અનંતકાળ લાગે! પણ સાધકદશાનો કાળ અનંત હોતો નથી, સાધકદશા અસંખ્યસમયની જ હોય છે. માટે ભેદસન્મુખ રહીને અનંતશક્તિનું જ્ઞાન થઈ શકતું નથી પણ અભેદસ્વભાવની સન્મુખ થઈને જ અનંતશક્તિવાળા આત્માનું જ્ઞાન થઈ શકે છે. કેવળી–ભગવાન અનંત આત્મશક્તિને એકસાથે ભિન્ન ભિન્ન સ્વરૂપે પણ જાણી રહ્યા છે. છદ્મસ્થનું જ્ઞાન ભિન્ન પાડીને અનંત શક્તિઓને ન જાણી શકે પણ અભેદ–અનુભવમાં જે અખંડ આત્મા આવ્યો તેમાં તેની બધી શક્તિઓ ભેગી જ છે; સ્વાનુભવમાં બધો આત્મવૈભવ

સમાય છે. આ રીતે અનંતશક્તિસંપન્ન આત્મા સ્વાનુભવનો વિષય છે, વિકલ્પનો વિષય નથી.

આવો સ્વાનુભવગમ્ય ભગવાન આત્મા સ્વસંવેદનમાં જ્ઞાનીને અત્યંત સ્પષ્ટપણે સ્વયં પ્રકાશે છે, એવી તેની પ્રકાશ–શક્તિ છે. પ્રકાશ–શક્તિનું સાચું કાર્ય ક્યારે પ્રગટે? કે અંતર્મુખ થઈને સ્વસંવેદન કરે ત્યારે તે સ્વાનુભવમાં આત્મા સ્વયં પ્રત્યક્ષ પ્રકાશમાન થાય,–તે પ્રકાશશક્તિનું સાચું કાર્ય છે.

(‘આત્મપ્રકાશ’ નો બાકીનો ભાગ આવતા અંકે પૂર્ણ થશે.)

– * –

## સંસાર અને દુઃખ * સ્વભાવ અને સુખ

* * *

ગમે તેવી મુશ્કેલી વખતે ધૈર્ય તે જ સૌથી મોટો ઈલાજ છે. મુશ્કેલી વખતે જીવ ધૈર્ય ગુમાવી બેસે છે તેથી જ તે ઘેરાઈ જાય છે ને દુઃખી થાય છે. મુશ્કેલીનું એટલું દુઃખ નથી હોતું–કે જેટલું અધૈર્યથી પોતે ઊભું કરે છે.

બાકી તો, સંસારની પરિસ્થિતિ મુમુક્ષુ વિચારવાનને ડગલે ને પગલે વૈરાગ્ય ઉપજાવે છે. **‘સંસાર’** અને **‘દુઃખ’** બંને એકબીજાના પાકા મિત્ર છે, તેમાંથી એકને અપનાવવો ને બીજાને ન અપનાવવું એમ બની ન શકે. એ જ રીતે બીજી તરફ **‘સ્વભાવ’** અને **‘સુખ’** બંને એકબીજાના મિત્ર છે–જે સદાય સાથે જ રહેનાર છે.

સ્વભાવના મહિમાસહિતનું વૈરાગ્યચિંતન જીવને સંસારનો રસ ઊડાડી દે છે; ને જેમાંથી રસ ઊડી જાય તે વસ્તુની ગમે તે સ્થિતિ હો–તોપણ શોક કે હર્ષ થતો નથી.

અધ્યાત્મભાવના માટે શૂરવીરતા કરવી.

(એક પત્રમાંથી)




## ગતાંકના પ્રશ્નોના જવાબ

(૧) 'અહો અહો! શ્રી સદ્‌ગુરુ'...એ ગાથા આત્મસિદ્ધિમાં ૧૨૪ મી છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ આ 'આત્મસિદ્ધિ' ની ૧૪૨ ગાથા નડીયાદમાં ૧૯૫૨ના આસો વદ એકમે માત્ર અઢી કલાકમાં બનાવી છે. શ્રીગુરુના ઉપદેશથી શિષ્યને જ્યારે અપૂર્વ આત્મભાન થાય છે ત્યારે ઘણા ભાવથી ગુરુનો ઉપકાર માનતાં તે ઉપરની ગાથા કહે છે. (અત્યારે શ્રીમદ્ રાજચંદ્રની 'જન્મશતાબ્દિ' એટલે કે ૧૦૦ મું વર્ષ ચાલે છે. આવતી કારતક સુદ પૂનમે તેમના જન્મને ૧૦૦ વર્ષ પૂર્ણ થઈને ૧૦૧ મું વર્ષ બેસશે. તેમનું જન્મસ્થાન વવાણીયા (મોરબી પાસે) છે.

(૨) ગુરુદેવ હમણાં જે 'પુરુષાર્થસિદ્ધિઉપાય' ઉપર પ્રવચન કરે છે તે શાસ્ત્ર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે રચ્યું છે. તેમાં ૨૨૬ ગાથાઓ દ્વારા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ ચારિત્રનું વર્ણન છે, ને વિશેષપણે દેશવ્રતી શ્રાવકનાં ધર્મોનું વર્ણન છે. અમૃતચંદ્રાચાર્યદેવે સમયસાર, પ્રવચનસાર ને પંચાસ્તિકાય શાસ્ત્રોની ઘણી સરસ સંસ્કૃત ટીકા લખી છે. આ ઉપરાંત તેમણે 'તત્ત્વાર્થસાર' રચ્યું છે તે પણ ઘણું સરસ છે. તમે મોટા થાવ ત્યારે એ બધા શાસ્ત્રો જરૂર વાંચજો.

(૩) "મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયા પછી સૌથી પહેલું ચંદનાસતીએ આહારદાન દીધું"–આ વાત ખોટી છે. કેમકે એક તો કેવળજ્ઞાન થયા પછી કોઈ પણ જીવને ખોરાક હોતો નથી કારણ કે અરિહંત ભગવાનને ક્ષુધા જ હોતી નથી; એટલે કેવળજ્ઞાન થયા પછી તો ભગવાને કદી આહાર લીધો નથી. અને મહાવીરભગવાન જ્યારે મુનિદશામાં હતા ત્યારે દીક્ષા પછી સૌથી પહેલું આહારદાન કુલપુરીનગરીના રાજાએ કર્યું હતું, ચંદના સતીએ નહીં. ચંદનાસતીએ ભગવાનને આહારદાન કર્યું તે પ્રસંગ તો ત્યારપછી ઘણા વખત બાદ બન્યો હતો.

(૪) તમે રોજ ભગવાનનાં દર્શન કરો છો ? ... (સાચો જવાબ........હા.)
તમે રાત્રે ખાવ છો ? ... (સાચો જવાબ........ના)

કેમકે બાલવિભાગનો સભ્ય એટલે જિનવરનો સન્તાન, તે હંમેશા ભગવાનના દર્શન કરે, ને રાત્રે કદી ખાય નહીં. (આ ચોથા પ્રશ્નમાં દર્શન કરવાના જવાબમાં લગભગ ૯૫ ટકા બાળકોએ 'હા' લખી છે. અને રાત્રિભોજનના જવાબમાં ૯૦ ટકા જેટલા બાળકોએ 'ના' લખી છે. આ ઉપરથી જોકે બાલવિભાગના સભ્યોની પ્રગતિનો ખ્યાલ આવી શકશે. છતાં હજી આશા રાખીએ કે હવે પછી ફરીને

જ્યારે આ બે પ્રશ્નો પૂછાય ત્યારે પહેલા પ્રશ્નનો જવાબ સોએ સો ટકા ‘હા’ આવશે ને બીજા પ્રશ્નનો જવાબ સોએ સો ટકા ‘ના’ આવશે. (કોઈ કોઈ સભ્યોએ એમ લખ્યું છે કે અત્યારસુધી રાત્રે ખાતા, પણ હવેથી નહીં ખાઈએ.)

કોયડામાં પૂછેલું સરસ મજાનું તીર્થધામ–એ છે **“ગીરનાર”** ગીરનાર એ સૌરાષ્ટ્રનું ગૌરવ છે. શ્રીકૃષ્ણને એ વહાલું હતું; શ્રી નેમિનાથ ભગવાનના દર્શન કરવા તેમ જ બીજા અનેક પ્રસંગે તેઓ ગીરનાર ગયા હતા. ભગવાન શ્રી નેમિનાથ તીર્થંકરે આ ગીરનારના હજાર આંબાના વનમાં (સહસ્રામ્રવનમાં) દીક્ષા લીધી હતી, તેઓ કેવળજ્ઞાન પણ ત્યાં જ પામ્યા હતા, ને મોક્ષ પણ એની પાંચમી ટૂંકેથી પામ્યા હતા; બૌંતેર કરોડ અને સાતસો મુનિવરો આ ગીરનાર ઉપરથી મોક્ષ પામ્યા છે. શ્રીકૃષ્ણના પુત્રો–પ્રદ્યુમ્નકુમાર, શમ્બુકુમાર, અનિરુદ્ધકુમાર, પણ અહીંથી સિદ્ધપદ પામ્યા છે. આ તીર્થની ચંદ્રગુફામાં શ્રી ધરસેનાચાર્ય, પુષ્પદંત–ભૂતબલી વગેરે મુનિવરો રહેતા હતા. કુંદકુંદ સ્વામી પણ આ તીર્થની યાત્રા કરવા મોટા સંઘસહિત પધાર્યા હતા. સૌરાષ્ટ્રમાં સૌથી ઊંચું અને અત્યંત પ્રસિદ્ધ એવું આ પાવન તીર્થ, તેને શોધતાં સૌરાષ્ટ્રવાસીને વાર કેમ લાગે? વાદળથી ઊંચા એવા આ ગગનચૂંબી તીર્થરાજ ચારે બાજુ પચીસ પચીસ માઈલ દૂરથી દર્શન આપે છે ને ભક્તોને આકર્ષે છે. તમેય આ તીર્થ ન જોયું હોય તો એકવાર જરૂર એની યાત્રા કરજો. એકવાર કરશો તો બીજીવાર કરવાનું મન થશે!

जय गिरनार

* * *

## એક ફૂલ

પહાડની ઊંડી કંદરામાં એક સુગંધી ફૂલ ખીલ્યું હતું.

કોઈએ પૂછયું–રે ફૂલ! તું આ એકાકી જંગલમાં કેમ મહેકી રહ્યું છે? અહીં નથી તો કોઈ તને જોઈને પ્રસન્ન થનાર, કે નથી કોઈ તારી સુગંધ લેનાર!

ત્યારે ફૂલ કહે છે–હું એટલા માટે નથી ખીલતું કે કોઈ મને જુએ, કે કોઈ મારી સુગંધ લઈને વાહ! વાહ! કરે, ખીલવું ને સુગંધથી મહેકવું એ તો મારો સ્વભાવ જ છે! કેવી નિસ્પૃહતા!

આપણું જીવનપુષ્પ પણ એવું જ ખીલે ને સુગંધિત બને તો!

(‘અમરભારતી’ ના આધારે)

– * –

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

[ વાંચકોના વિચાર રજૂ કરતો સૌનો પ્રિય વિભાગ ]

* *

**પ્રશ્નઃ**- કેવળજ્ઞાન થયા પછી તે ભગવાન તરત કેમ મોક્ષમાં જતા નથી? ( નં. ૩૨૦ જામનગર )

**ઉત્તરઃ**- મોક્ષ એટલે આત્માની પૂર્ણ શુદ્ધતા; કેવળજ્ઞાન થયા પછી પણ જ્યાંસુધી આત્મપ્રદેશોમાં કંપન વગેરે વિભાવ રહે છે ત્યાંસુધી અઘાતીકર્મો પણ રહે છે, ને ત્યાંસુધી મોક્ષરૂપ પૂર્ણ શુદ્ધતા થતી નથી; જ્યારે તે પરભાવો પણ છૂટીને આત્મા પૂર્ણ શુદ્ધતારૂપે પરિણમે છે ત્યારે અઘાતીકર્મો પણ છૂટી જાય છે; આને મોક્ષદશા કહે છે.

( અરવિંદ. જે. જૈન. નં. ૨૪૬ ગોંડલ ) માતાઓ ને બહેનોમાં ધાર્મિક શિક્ષણના પ્રચાર બાબતની આપની ભાવના સારી છે; માતાઓમાં ધાર્મિક શિક્ષણ હોય તો પુત્રોમાં પણ તેના સંસ્કાર રેડાય,–એ વાત પણ બરાબર છે. પરંતુ ભાઈશ્રી, તે સંબંધી આયોજન કરવું તે આપણા બાલવિભાગના કાર્યક્ષેત્રથી બહારની વસ્તુ છે. આપણા બાલવિભાગ દ્વારા તે પ્રકારનું જેટલું બની શકે તેટલું ધાર્મિક સંસ્કારોનું સીંચન આપણે કરી જ રહ્યા છીએ.

**પ્રશ્નઃ**- અભેદ આત્માનો વિચાર લાંબો ટાઈમ ટકતો નથી, વિકલ્પની ગડમથલ થાય છે, તે ટાળવી કઈ રીતે? ( No. 215 )

**ઉત્તરઃ**- વિકલ્પના સમયે એકલા વિકલ્પને જ ન દેખો; પરંતુ તે વિકલ્પ વખતે જ **'જ્ઞાન'** શું કાર્ય કરી રહ્યું છે–તેને દેખો...અને તે જ્ઞાનને જ પકડીને સ્વભાવ સુધી ઊંડે ઊંડે ચાલ્યા જાઓ...વચ્ચે તમને કોઈ નહીં રોકે. વિકલ્પ આવે ત્યાં તેને પકડીને જીવ તેમાં અટકી જાય છે એટલે તેનાથી આગળ વધી શકતો નથી. પણ જો વિકલ્પને ન પકડતાં તે વખતના જ્ઞાનને પકડે તો જ્ઞાનબળે વિચારધારા અંતર્સ્વરૂપ તરફ આગળ વધે ને અંતે અભેદ આત્માનો અનુભવ થાય.

**પ્રશ્નઃ**- જીવનમાં પુરુષાર્થ કરવા જેવી કઈ વસ્તુ છે? ( કિશોર જૈન, જસદણ. No. 890 )

**ઉત્તરઃ**- સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો પ્રયત્ન કર્તવ્ય છે; કેમકે 'પુરુષનો અર્થ' એટલે આત્માનું પ્રયોજન મોક્ષ છે, અને તે મોક્ષની સિદ્ધિ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે થાય છે.

**પ્રશ્નઃ**- આપણા આત્માનો પુરુષાર્થ સ્વતંત્ર છે કે કેમ? કેમકે આપણે પુરુષાર્થથી જે કાર્ય કરીએ છીએ તે કાર્ય થવાનું તો કેવળીએ જોયું જ હતું! ( શાંતિલાલ જૈન, No. 770, કલકત્તા. )

**ઉત્તરઃ-** ભાઈશ્રી, આત્મા પોતે જ્યારે સ્વતંત્ર વસ્તુ છે ત્યારે તેનો પુરુષાર્થ પરતંત્ર કેમ હોય? એક કાર્ય સર્વજ્ઞ ભગવાને જોયું હતું ત્યારે જ થયું તેથી કાંઈ તેમાંથી પુરુષાર્થ ઊડી જતો નથી, કેમકે સર્વજ્ઞ ભગવાને જેમ કાર્ય જોયું છે તેમ તેનો પુરુષાર્થ પણ ભેગો જ જોયો છે. જેમકે એક જીવને અમુક દિવસે સમ્યગ્દર્શન થવાનું છે એમ ભગવાને જોયું છે, તો સાથે સાથે એમ પણ જોયું છે કે તે દિવસે જીવ સાચો પુરુષાર્થ ઉપાડીને સ્વસન્મુખ થશે. કાંઈ સર્વજ્ઞે એમ નથી જોયું કે તે જીવને સાચા પુરુષાર્થ વગર સમ્યગ્દર્શન થઈ જશે! અને એક નિયમ છે કે સર્વજ્ઞની ઓળખાણ કરનારને સાચો પુરુષાર્થ જરૂર હોય છે, કેમકે જેણે સર્વજ્ઞને ઓળખ્યા તેણે આત્માનો સ્વભાવ ઓળખ્યો. (આ વિષય ગંભીર અને મહત્ત્વનો છે; અહીં માત્ર ટૂંકમાં તમારો જવાબ લખ્યો છે.)

* સ. નં. ૩૧૮, પ્રેમચન્દ જૈન, ખૈરાગઢથી લખે છે કે–"મેરે જન્મદિવસકે ઉપલક્ષમેં અભિનંદન–કાર્ડકી સાથ કુંદકુંદાચાર્યદેવકા ફોટો મિલા, ઉસકો દેખનેસે યહ ભાવના જાગૃત હોતી હૈ કિ અહો! મેં ભી કબ ઐસે મુનિરાજ કે સમાન બનકર જંગલમેં આત્માકી મસ્તીમેં વિચરું ઔર જન્મ–મરણકા અભાવ કરું! યહી જન્મદિન ભાવના ભાતા હું।"

* ઘોડનદી (મહારાષ્ટ્ર) થી વસંતલાલ જૈન (No. 197) લખે છે કે આત્મધર્મના બાલવિભાગમાં નવી નવી સામગ્રી વાંચીને બહુ આનંદ થાય છે. સાથે સાથે ગુરુદેવના પ્રવચનો પણ વાંચીએ છીએ. પરિશ્રમ બદલ શતશઃ ધન્યવાદ!

* બોરીવલીથી રાજુલબેન જૈન (No. 1138) લખે છે કે–બાલવિભાગના બીજા હજારો સભ્યોની જેમ હું પણ એક નાની બાલિકા છું; મને આપણો બાલવિભાગ બહુ જ ગમે છે. આપણે બધા 'જિનસંતાન' છીએ એટલે બધા ભાઈ–બહેન જ છીએ. અહીં બોરીવલીમાં મારવાડીનું દિગંબર જૈનમંદિર છે, હું ત્યાં રોજ દર્શન કરવા જાઉં છું. ત્યાં ૨૪ પ્રતિમાજી છે, તેમને જોતાં મને ખૂબ જ આનંદ આવે છે, અને ત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજતા સીમંધરભગવાનનું સમવસરણ યાદ આવે છે, ને એમ થાય છે કે હું પણ ત્યાં હોઉં તો કેવું સારૂં!

પછી આ બહેન પૂછાવે છે કે–કોઈક પ્રતિમાજીના હાથની હથેળીમાં ચિહ્નો હોય છે અને કોઈકમાં નથી હોતા,–તો આ ચિહ્નોનો અર્થ શું હશે? તથા છાતીમાં વચ્ચે કોઈને ફૂલ જેવું હોય છે, તે શું હશે?

**ઉત્તરઃ-** શ્રી તીર્થંકરદેવના ઉત્તમ દેહમાં કુદરતી રીતે ૧૦૦૮ ઉત્તમ ચિહ્નો (શુભ–લાંછન) હોય છે–સ્વસ્તિક, પદ્મ વગેરે; તેથી તેની સ્મૃતિરૂપે કોઈ કોઈ પ્રતિમાજીના હાથમાં તેમજ પગમાં પણ એવાં ચિહ્નો અંકિત હોય છે. એ જ રીતે છાતીમાં વચ્ચે ફૂલ જેવું છે તે પદ્મ છે, તે પણ એક ઉત્તમ ચિહ્ન જ છે. આપ પ્રતિમાજીનું આ રીતે ધ્યાનથી અવલોકન કરો છો તે બદલ ધન્યવાદ!

(બાકીના પ્રશ્નો આવતા અંકે)

## -: જવાબ મોકલનાર બાળકોનાં નંબર:-

૬૧૦ ૧૯૩ ૧૧૭૫ ૧૧૭૬ ૪ ૩ ૨ ૧ ૩૮૪ ૩૮૫ ૨૧૮ ૪૬૭ ૩૨૦ ૫૫૦ ૧૭૦૦ ૯૭૯ ૪૩૧ ૪૩૨ ૬૯ ૧૪૩ ૩૭૨ ૯૮૪ ૧૮૫ ૭૩૩ ૭૩૫ ૮૯૦ ૩૭૩ ૨૭૭ ૪૧ ૪૦૧ ૧૧૫૦ ૧૭૭૧ ૧૮૪૩ ૧૭ ૧૩૫૧ ૧૩૫ ૯૦૬ ૯૦૭ ૮ ૯૩૮ ૫૮૨ ૧૮૩૬ ૮૦ ૪૧૫ ૧૪૫૧ ૪૪૯B ૧૫૯૩ ૩૪૭ ૩૧૮ ૩૧૯ ૨૧૫ ૧૮૦ ૧૯૭ ૪૦ ૧૧૫ ૩૩૩ ૩૩૪ ૩૩૫ ૩૩૬ ૩૪૬ ૩૪૭ ૬૬૭ ૧૫૨ P. J. હૈદ્રાબાદ ૧૧૭૩ ૧૬૯૩ ૧૭૩૨ ૧૭૩૩ ૧૪૩૪ ૨૪૬ ૧૧૬૫ ૧૬૦ ૧૬૧ ૩૦૩ ૫૯૩ ૧૭૨ ૬૬૬ જસદણ, ૪૧૩ ૨૮૯ ૧૩૦૯ ૮૦૯ ૧૮૦ ૧૩૧૬ ૮૬૪ ૮૮૨ ૮૮૪ ૮૮૩ ૫૬૫ ૧૦૨૭ ૩૦૬ ૨૫૨ ૮૧૨ ૧૭૭૨ ૪૬૫ ૨૪૪ ૧૪૦૨ ૪૬૬ ૧૮૨૬ ૧૪૯ ૮૧૭ ૮૧૮ ૧૬૨૪ ૧૬૨૫ ૮૭ ૭૪૦ ૨૩૦ ૧૬૭૨ ૧૮૩૨ ૩૧ ૭૯૦ ૧૩૮૬.

આ વખતે નવા પ્રશ્નો પૂછયા નથી. નવા સભ્યોનાં નામ આ અંકમાં આપી શકાયા નથી, તે આગામી અંકમાં આપીશું. [ ગતાંક પૃ. ૩૭માં 'રાજકોટથી' ભરતકુમાર જૈન–એમ છપાયેલ છે, તેને બદલે 'મોરબીથી' ભરતકુમાર જૈન–એમ વાંચવું. )

## ધ્યેય પ્રત્યે એકાગ્રતા

એકાગ્રતા વિના દુનિયામાં કોઈ પણ સાધના થઈ શકતી નથી. કોઈ પણ ધ્યેયમાં સફળ થવું હોય કે પછી કોઈ મહાન કાર્ય કરવું હોય તો માણસ પોતાની સર્વ શક્તિઓવડે એકાગ્રતાપૂર્વક અને અનન્યતાથી ઉદ્યમ કરે છે...તો પછી આત્માને સાધવા જેવું લોકોત્તર મહાનકાર્ય કરવા માટે તો તે ધ્યેય પ્રત્યે કેટલી એકાગ્રતા ને અનન્યતાપૂર્વક ઉદ્યમ કરવો જોઈએ!

## જ્ઞાન ને વૈરાગ્ય

જો તારું જ્ઞાન ખરી વેળાએ તને કામ ન આવે...ને મુંઝવણમાંથી શાંતિનો માર્ગ ન કાઢી દે–તો તે જ્ઞાન શા કામનું?

જો તારો વૈરાગ્ય વિપત્તિ વખતેય તને શરણભૂત ન થાય, ને તને કલુષતાથી ન બચાવે તો એ વૈરાગ્ય શા કામનો?

સાચા જ્ઞાન–વૈરાગ્ય તો તે કે જે જીવનમાં ગમે તે પ્રસંગે શાંતિ આપે ને કલુષતાથી બચાવે.

## જૈન શિક્ષણવર્ગ ( પ્રૌઢ ભાઈઓ માટે )

સોનગઢમાં દર વર્ષની માફક પ્રૌઢવયના ભાઈઓ માટેનો જૈન શિક્ષણવર્ગ શ્રાવણ સુદ પાંચમ ને ગુરુવાર, તા. ૧૦–૮–૬૭ થી શરૂ થશે, અને શ્રાવણ વદ નોમ ને મંગળવાર, તા. ૨૯–૮–૬૭ સુધી ચાલશે. વર્ગમાં આવવા ઇચ્છતા જિજ્ઞાસુ ભાઈઓએ નીચેના સરનામે સૂચના મોકલી દેવી–

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ** ( સૌરાષ્ટ્ર )

## દસલક્ષણી-પર્યુષણ પર્વ:

દસલક્ષણી પર્યુષણપર્વ ભાદરવા સુદ ૪ ને શુક્રવાર, તા. ૮-૯-૬૭ થી શરૂ કરીને ભાદરવા સુદ ૧૪ને રવિવાર, તા. ૧૭-૯-૬૭ સુધી ઉજવાશે. (વચ્ચે એક તિથિ ઘટતી હોવાથી પર્યુષણ એક દિવસ વહેલા શરૂ થાય છે.) આ દરમિયાન દશલક્ષણી ધર્મો ઉપર પૂ. ગુરુદેવના ખાસ પ્રવચનો તેમજ દશલક્ષણધર્મોનું પૂજન વગેરે કાર્યક્રમો થશે.

ત્યારપહેલાં શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા સુદ ૪ સુધી તા. ૧ થી ૮ સપ્ટેમ્બર સુધીના આઠ દિવસો દરમિયાન દરવર્ષની જેમ રાબેતા મુજબ પૂ. ગુરુદેવના ખાસ પ્રવચનો થશે.

## ઉદ્ઘાટન:


શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ પ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈના સન્માન નિમિત્તે એકઠા થયેલા ફંડમાંથી શાસ્ત્રભંડાર માટેનો જે હોલ બાંધવામાં આવેલ છે તેનું ઉદ્ઘાટન ભાદરવા સુદ ચોથ (તા. ૮-૯-૬૭) ના રોજ કરવાનું નક્કી થયું છે.

## વૈરાગ્ય સમાચાર

વાંકાનેરના રહીશ ભાઈશ્રી શિવલાલ લાલચંદ સંઘવી જેતપુર મુકામે જેઠ વદ આઠમના રોજ અચાનક હૃદય બંધ પડવાથી સ્વર્ગવાસ પામ્યા છે. જેતપુરના મુમુક્ષુમંડળમાં તેઓ એક ઉત્સાહી કાર્યકર હતા, તેમજ ત્યાંના જિનમંદિરના ટ્રસ્ટી હતા, તેમજ દરેક કાર્યોમાં ઉલ્લાસથી ભાગ લેતા હતા. દેવ-ગુરુ-ધર્મના શરણે તેમનો આત્મા આત્મહિત પામો.

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) (પ્રતઃ ૨૩૦૦)



શ્રવણબેલગોલાના ઇન્દ્રગિરિ પર્વત પર ઇ. સ. 13-3-981 ના રોજ જેની પ્રતિષ્ઠા થઈ, લગભગ ૧૪ વર્ષ બાદ જેમની પ્રતિષ્ઠાને એકહજાર વર્ષ પૂર્ણ થશે, અને ગત ફાગણ વદ પાંચમે જેમનો મહામસ્તકાભિષેક થયો, તે વિશ્વપ્રસિદ્ધ આત્મસાધક ભગવાન બાહુબલીના મહાઅભિષેક પ્રસંગે 'પુષ્પક વિમાન' ( હેલિકોપ્ટર )

**આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી રહ્યું છે તેનું દશ્ય**